સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS



ભારતમાં 17મી લોકસભાની ચૂંટણીની જાહેરાત



સ્વચ્છતા સર્વેક્ષણ 2019


વર્ષ 2018ના નારી શક્તિ એવોર્ડ એનાયત


ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી સુભાષ ચંદ્ર ગર્ગની નિમણૂક



PMUY અંતર્ગત 7 કરોડમું LPG કનેક્શન અર્પણ

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[MAR - 2019]
[10/03 to 16/03]

## WEEK-11

### CURRENT

- 'Dictionary of Martyrs'નું વિમોચન
- 30 'Web-Wonder Women'નું સન્માન
- ગુજરાતના મંત્રી મંડળનું વિસ્તરણ
- ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાનનો શુભારંભ
- E-DHARTI APP અને Portal લોન્ચ
- ચક્ર III સબમરીન અંગે ભારત અને રશિયા વચ્ચે કરાર
- યુદ્ધ અભ્યાસ અલ નાગાહ 2019
- શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનો શિલાન્યાસ

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**10 MARCH, 2019 SUNDAY**

## ➤ યુદ્ધ અભ્યાસ અલ નાગાહ 2019

12 થી 15 માર્ચ 2019 દરમિયાન **ભારત અને ઓમાન** વચ્ચે **ઓમાનની જબલ અલ અખદર પહાડિયો**માં સંયુક્ત યુદ્ધ અભ્યાસ **અલ નાગાહ 2019**નું આયોજન થયું છે.

- **ભારત અને ઓમાન** વચ્ચે આ **ત્રીજો** સંયુક્ત અભ્યાસ છે.
- આ અગાઉ 2015 અને 2017માં આ યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું.
- ભારત અને ઓમાન વચ્ચે યોજાઈ રહેલા આ ત્રીજા સંયુક્ત અભ્યાસ અલ નાગાહ 2019માં બંને દેશની સેનાઓ દ્વારા અર્ધ શહેરી અને પર્વતીય વિસ્તારોમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં પરસ્પર સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે તથા અન્ય યુદ્ધ કૌશલ્યોમાં કુશળતા અને અનુભવોનું આદાન પ્રદાન કરવામાં આવશે.

**નોંધ :** આ યુદ્ધ અભ્યાસમાં ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ **ગઢવાલ રાઈફલની 10મી બટાલિયન**ના અધિકારીઓ તથા સૈનિકો દ્વારા કરવામાં આવશે.

## ➤ 30 'Web - Wonder Women'નું સન્માન

ભારત સરકારના **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** દ્વારા તાજેતરમાં '# WWW:Web - Wonder Women' નામથી એક અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.




### # WWW:Web - Wonder Women અભિયાનનો ઉદ્દેશ

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ 'Social Media'ના માધ્યમથી **સમાજમાં હકારાત્મક પરિવર્તન** લાવતી મહિલાઓની અસાધારણ સિદ્ધિઓ શોધીને તેને બિરદાવવાનો હતો.

### Web - Wonder Womenનું સન્માન

આ અભિયાન અંતર્ગત સમગ્ર વિશ્વમાંથી વેબ–વંડર વુમન તરીકે 30 ભારતીય મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી.

- અને આ **30 Web - Wonder Women**નું તાજેતરમાં **નવી દિલ્હી** ખાતે યોજાયેલા એક સમારોહમાં ભારતના મહિલા અને બાળ વિકાસ મંત્રી **શ્રીમતી મેનકા ગાંધી** દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) ભારતમાં દર વર્ષે **8 માર્ચને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'**ના રોજ **સમાજમાં મહત્વનું યોગદાન** આપનાર મહિલાઓને **રાષ્ટ્રપતિ** દ્વારા **'નારી શક્તિ પુરસ્કાર'**થી સન્માનિત કરવામાં આવે છે. જે **ભારતમાં મહિલાઓ માટેનો સર્વોચ્ચ એવોર્ડ** છે.

(2) ભારતમાં **પોતાના ક્ષેત્રમાં માઈલ સ્ટોન સ્થાપિત કરનાર પ્રથમ મહિલાઓ**ને સન્માનિત કરવા માટે **'ફર્સ્ટ લેડિઝ' પુરસ્કાર**ની શરૂઆત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ Inter - Model Stationનો નાગપુરમાં શિલાન્યાસ



ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ તાજેતરમાં મહારાષ્ટ્રમાં નાગપુરના અજની રેલવે સ્ટેશન ખાતે Inter - Model Station (IMS)નો શિલાન્યાસ કર્યો છે.

### Inter - Model Station શું છે ?


ભારતમાં યાત્રીઓને એક જ સ્થળેથી વિવિધ પરિવહન સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે એ માટે આ 'Inter - Model Station'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- IMS અંતર્ગત યાત્રીઓને એક જ ટર્મિનલ પરથી રેલવે, રોડ, Mass Rapid Transit System(MRTS), Bus Rapid Transit System(BRTS) તથા અન્ય ટ્રાન્સપોર્ટ સુવિધાઓ એક સાથે ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ ઉપરાંત IMSમાં યાત્રીઓને એકીકૃત ટિકિટ કાઉન્ટર, લિફ્ટ, એસ્કેલેટર, વિશાળ વેઈટિંગ રૂમ, વિશાળ પાર્કિંગ, રિટેલ દુકાનો, ફૂડ કોર્ટ વગેરે જેવી વિશ્વકક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- વર્ષ 2050ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ સ્ટેશનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. જેમાં દરરોજ 3.24 લાખ યાત્રીઓની આવ–જા શક્ય બનશે.
- નાગપુર ખાતે નિર્માણ પામનાર આ Inter - Model Station પાછળ કુલ 1588.81 કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.

**નોંધ :** ભારતમાં પ્રાયોગિક ધોરણે નાગપુરના અજની અને વારાણસીના કાશી રેલવે સ્ટેશને Inter Model Station (IMS) બનાવવાની કેન્દ્ર સરકારની યોજના છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'Dictionary of Martyrs'નું વિમોચન




તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં 'Dictionary of martyrs'નું વિમોચન કર્યું છે.

- આ ડિક્શનરીમાં ભારતમાં 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામથી લઈને 1947 સુધી ભારતની આઝાદીની લડતમાં શહીદ થયેલા શૂરવીરો વિશે માહિતી આપવામાં આવી છે.
- પાંચ વોલ્યુમમાં પ્રસિદ્ધ થયેલા આ શબ્દકોશમાં આશરે 13,500 જેટલા શહીદો વિશે માહિતી આપવામાં આવી છે.
- 'Dictionary of Martyrs : India's Freedom Struggle (1857-1947)' નામના આ પુસ્તકના પાંચ વોલ્યુમમાં ક્ષેત્રવાર વિવિધ પ્રદેશોના શહીદો વિશે માહિતી આપવામાં આવી છે.
- જેમાંથી આ ડિક્શનરીના ત્રીજા Volumeમાં ગુજરાતના શહીદો વિશે માહિતી આપવામાં આવી છે.

**નોંધ :** ભારતના સંસ્કૃતિ મંત્રાલય તરફથી Indian Council of Historical Research (ICHR) દ્વારા આ શબ્દકોશ તૈયાર કરવામાં આવ્યો છે.

## ➢ 'સબ કા સાથ સબ કા વિકાસ' પુસ્તકનું વિમોચન



તાજેતરમાં ભારતના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી **શ્રી અરૂણ જેટલીએ** **નવી દિલ્હી**ના રાષ્ટ્રીય મીડિયા સેન્ટરમાંથી **'સબ કા સાથ સબ કા વિકાસ'** પુસ્તકનું વિમોચન કર્યું છે.

- આ પુસ્તકમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીના** પસંદ કરેલા કેટલાક ઉત્તમ **ભાષણોનો સંગ્રહ** છે.
- **ભારત સરકારના પ્રકાશન વિભાગ** દ્વારા પાંચ વિભાગમાં **હિન્દી અને અંગ્રેજી** ભાષામાં આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ વર્ષ 2018ના નારી શક્તિ એવોર્ડ એનાયત

તાજેતરમાં 8 માર્ચ, 2019ને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનમાં વર્ષ 2018ના 'નારી શક્તિ એવોર્ડ' વિજેતા 44 મહિલાઓ તથા સંસ્થાને પુરસ્કાર એનાયત કર્યા હતા.

- વર્ષ 2018ના 'નારી શક્તિ એવોર્ડ' માટે 1000થી વધુ નોમિનેશન(નામાંકન)માંથી 44 વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી.
- આ 44 વિજેતાઓને તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 'નારી શક્તિ પુરસ્કાર' એનાયત કર્યો છે.

### નારી શક્તિ એવોર્ડ

'નારી શક્તિ એવોર્ડ' એ ભારતનો સર્વોચ્ચ મહિલા પુરસ્કાર છે.

- ભારતમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 8 માર્ચ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ના રોજ આ પુરસ્કાર એનાયત થાય છે.
- ભારતમાં મહિલા સશક્તિકરણ અને સામાજિક કલ્યાણમાં મહત્ત્વનું યોગદાન આપનાર મહિલાઓને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.

### એવોર્ડનો પ્રારંભ

ભારતમાં વર્ષ 1991થી 'સ્ત્રી શક્તિ પુરસ્કાર'નો પ્રારંભ થયો હતો.

- વર્ષ 1999થી આ 'સ્ત્રી શક્તિ પુરસ્કાર'નું નામ બદલીને 'નારી શક્તિ પુરસ્કાર' કરવામાં આવ્યું છે.

### કઈ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થાય છે ?

નારી શક્તિ પુરસ્કાર મુખ્ય બે ભાગમાં એનાયત થાય છે :

(1) Institutional અને (2) Individual Women

- જેમાંથી Individual Women અંતર્ગત 2 કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે.
- જ્યારે Institutional અંતર્ગત નીચેની 6 કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે :

(1) દેવી અહિલ્યા બાઈ હોલ્કર એવોર્ડ
(2) કન્નગી દેવી એવોર્ડ
(3) માતા જીજાબાઈ એવોર્ડ
(4) રાણી ગૈડિનલ્યુ ઝેલિયાંગ એવોર્ડ
(5) રાણી લક્ષ્મીબાઈ એવોર્ડ
(6) રાણી રૂદ્રદામાદેવી એવોર્ડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



### પુરસ્કાર અંતર્ગત રકમ

નારી શક્તિ પુરસ્કાર અંતર્ગત પુરસ્કાર વિજેતાને 1 લાખ રૂપિયા રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**નોંધ :** (1) નારી શક્તિ પુરસ્કાર અંતર્ગત Individual અને Institutional એમ બંને કેટેગરીના થઈને દર વર્ષે વધુમાં વધુ 40 એવોર્ડ એનાયત થાય છે.

(2) જોકે, વર્ષ 2018 માટે 44 એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

### વર્ષ 2018ના નારી શક્તિ એવોર્ડ વિજેતા

વર્ષ 2018ના નારી શક્તિ એવોર્ડ વિજેતામાંથી કેટલીક પ્રસિદ્ધ મહિલાઓના નામ આ પ્રમાણે છે :

(1) સિસ્ટર શિવાની – આધ્યાત્મિક ટીચર અને મોટિવેશનલ સ્પીકર
(2) સુશ્રી ઈપ્સિતા બિસ્વાસ – DRDOના વૈજ્ઞાનિક
(3) સુશ્રી રેશ્મા નિલોફર નાહા – ભારતના પ્રથમ મહિલા સમુદ્રી પાયલટ
(4) સુશ્રી પ્રજ્ઞા પ્રસૂન – એસિડ એટેકનો ભોગ બનનાર મહિલા
(5) સુશ્રી સીમા રાવ – મહિલા કમાન્ડો ટ્રેઈનર
(6) સુશ્રી રાહીબાઈ સોમા પોપેરે – કૃષિ જૈવ વિવિધતા એક્સપર્ટ

### નારી શક્તિ એવોર્ડ 2018 વિજેતા સંગઠન

નારી શક્તિ એવોર્ડ 2018 વિજેતા કેટલાક સંગઠનોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(1) કસબ કચ્છ ક્રાફ્ટ્સવુમન પ્રોડ્યુસર
(2) વન સ્ટોપ સેન્ટર (લખનૌ)
(3) સામાજિક કલ્યાણ તથા પૌષ્ટિક આહાર કાર્યક્રમ વિભાગ (તમિલનાડુ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારત અને કયા દેશની આર્મી વચ્ચે સૈન્ય અભ્યાસ અલ નાગાહ 2019નું આયોજન થયું હતું ?<br>(A) સાઉદી અરેબિયા (B) કુવૈત<br>(C) સંયુક્ત આરબ અમિરાત (D) ઓમાન | (D) |
| 2. | 12 થી 15 માર્ચ 2019 દરમિયાન ભારત અને ઓમાન વચ્ચે કેટલામા સંયુક્ત સૈન્ય અભ્યાસ અલ નાગાહનું આયોજન થયું હતું ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (C) |
| 3. | તાજેતરમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 'Social Media'ના માધ્યમથી સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવતી મહિલાઓને સન્માનિત કરવા માટે કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું ?<br>(A) # www : wonder women (B) # www : web-wonder women<br>(C) # www : web-by women (D) # www : web-for women | (B) |
| 4. | માર્ચ 2019 દરમિયાન ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી મેનકા ગાંધીએ કેટલી web-wonder womenનું સન્માન કર્યું છે ?<br>(A) 44 (B) 34 (C) 30 (D) 24 | (C) |
| 5. | તાજેતરમાં ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ ભારતના કયા શહેરમાં Inter-Model Station (IMS)નો શિલાન્યાસ કર્યો છે ?<br>(A) વારાણસી (B) લખનૌ (C) પૂણે (D) નાગપુર | (D) |
| 6. | તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ ભારતમાં મહારાષ્ટ્રના નાગપુર ખાતે કયા સ્ટેશન પર સ્થપાનાર Inter-Model Station(IMS)નો શિલાન્યાસ કર્યો છે ?<br>(A) સિંદી (B) અજની (C) કોહલી (D) વાની | (B) |
| 7. | તાજેતરમાં નવી દિલ્હી ખાતે 'Dictionary of Martyrs'નું વિમોચન કોના દ્વારા થયું છે ?<br>(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી<br>(C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી અરૂણ જેટલી | (B) |
| 8. | 'Dictionary of Martyrs' ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br>1. તેમાં ભારતમાં 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામથી લઈને 1947 સુધી ભારતની આઝાદીની લડતમાં શહીદ થયેલા શૂરવીરો વિશે માહિતી છે.<br>2. આ શબ્દકોશ 7 વોલ્યુમમાં પ્રકાશિત થયો છે.<br>3. તેમાં આશરે 13,500 જેટલા શહીદો વિશે માહિતી છે.<br>(A) 1, 2, 3 (B) 1 અને 3 (C) 1 અને 2 (D) 2 અને 3 | (B) |
| 9. | તાજેતરમાં નવી દિલ્હી ખાતે કોના દ્વારા 'સબ કા સાથ સબ કા વિકાસ' પુસ્તકનું વિમોચન થયું છે ?<br>(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી<br>(C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી અરૂણ જેટલી | (D) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

10. તાજેતરમાં પ્રકાશિત થયેલા 'સબ કા સાથ સબ કા વિકાસ' પુસ્તકમાં શેનો સંગ્રહ છે ?
(A) ભારત સરકારની યોજનાઓનો
(B) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોન્ચ થયેલી નવી યોજનાઓનો
(C) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોન્ચ થયેલા મુખ્ય 30 અભિયાનોનો
(D) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પસંદ કરેલા કેટલાક ભાષણોનો **(D)**

11. તાજેતરમાં 8 માર્ચ, 2019ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા કુલ કેટલા 'નારી શક્તિ એવોર્ડ' વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) 34 (B) 40 (C) 44 (D) 46 **(C)**

12. ભારતનો સર્વોચ્ચ મહિલા પુરસ્કાર 'નારી શક્તિ એવોર્ડ' અગાઉ કયા નામે ઓળખાતો હતો ?
(A) શ્રી શક્તિ પુરસ્કાર (B) મહિલા શક્તિ પુરસ્કાર
(C) સ્ત્રી શક્તિ પુરસ્કાર (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

13. ભારતમાં 'નારી શક્તિ એવોર્ડ' અંતર્ગત એનાયત થતી કુલ 6 Institutional કેટેગરીમાં નીચેનામાંથી કયા એવોર્ડનો સમાવેશ થતો નથી ?
(A) દેવી કલ્લીગન એવોર્ડ (B) કન્નગી દેવી એવોર્ડ
(C) રાણી રૂદ્રદામા દેવી એવોર્ડ (D) માતા જીજાબાઈ એવોર્ડ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 11 MARCH, 2019 MONDAY

### ➤ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલાધિપતિ તરીકે શ્રી હસમુખ અઢિયાની નિમણૂક




ગુજરાતમાં ગાંધીનગર ખાતે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલાધિપતિ તરીકે કેન્દ્ર સરકાર દ્વારા શ્રી હસમુખ અઢિયાની નિમણૂક કરવામાં આવી છે.

- કુલાધિપતિ (Chancellor) તરીકે તેમની નિમણૂક 5 વર્ષ માટે કરવામાં આવી છે.
- શ્રી હસમુખ અઢિયા સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલાધિપતિ તરીકે પ્રોફેસર વાય.કે. અલઘનું સ્થાન લેશે.

**નોંધ :** (1) સેન્ટ્રલ યુનિવર્સિટી એક્ટ અનુસાર ભારતના રાષ્ટ્રપતિ સેન્ટ્રલ યુનિવર્સિટીના વિઝિટર ગણાય છે.
(2) અને રાષ્ટ્રપતિ દ્વારા આ યુનિવર્સિટીના કુલાધિપતિના નામની ભલામણ કરવામાં આવે છે.
(3) ગુજરાતના ગાંધીનગર ખાતે 2009માં 'સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત'ની સ્થાપના થઈ હતી.

#### શ્રી હસમુખ અઢિયા

શ્રી હસમુખ અઢિયા 1981ની બેચના ગુજરાત કેડરના IAS ઓફિસર છે.

- નવેમ્બર 2018માં તેઓ કેન્દ્ર સરકારના નાણા વિભાગના સચિવના પદ પરથી નિવૃત્ત થયા હતા.
- ત્યારબાદ તાજેતરમાં તેમની બેંક ઓફ બરોડાના નોન-એક્ઝીક્યુટિવ ચેરમેન તરીકે પણ નિમણૂક કરવામાં આવી છે.

## ➤ શ્રી કુમ્મનમ રાજશેખરનનું મિઝોરમના રાજ્યપાલ પદેથી રાજીનામું

તાજેતરમાં **મિઝોરમ**ના રાજ્યપાલ **શ્રી કુમ્મનમ રાજશેખરને** મિઝોરમના રાજ્યપાલ પદેથી રાજીનામું આપી દીધું છે.

- તેમના આ રાજીનામા બાદ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** **આસામ**ના રાજ્યપાલ **પ્રોફેસર જગદીશ મુખીને** **મિઝોરમ**ના રાજ્યપાલનો વધારાનો હવાલો સોંપ્યો છે.

**નોંધ :** કેરળમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ શ્રી કુમ્મનમ રાજશેખરનને મે 2018માં મિઝોરમના રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી સુભાષ ચંદ્ર ગર્ગની નિમણૂક



ભારતના નવા <u>નાણા સચિવ</u> તરીકે તાજેતરમાં <u>શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી સુભાષ ચંદ્ર ગર્ગે <u>શ્રી અજય નારાયણ ઝા</u>નું સ્થાન લીધું છે.
- શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ <u>1983</u>ની બેચના <u>રાજસ્થાન કેડર</u>ના IAS ઓફિસર છે.
- તેઓ હાલ ભારત સરકારના <u>આર્થિક બાબતોના વિભાગના સચિવ</u> તરીકે ફરજ બજાવે છે. આ પદ ઉપરાંત હવે તેમને કેન્દ્ર સરકારના <u>નાણા વિભાગના સચિવ</u> પણ બનાવવામાં આવ્યા છે.

## ➤ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) અંતર્ગત 7 કરોડમું LPG કનેક્શન અર્પણ

તાજેતરમાં 8 માર્ચ, 2019ના રોજ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તથા કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ મંત્રી <u>શ્રી ધર્મેન્દ્ર પ્રધાને</u> <u>પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)</u> અંતર્ગત <u>7 કરોડમું LPG કનેક્શન</u> અર્પણ કર્યું છે.

- ભારતમાં આ યોજના શરૂ થયા બાદ ફક્ત <u>34 મહિના</u>માં જ આ 7 કરોડમું LPG કનેક્શન તેના લાભાર્થીને આપવામાં આવ્યું છે.

### પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)

ભારતમાં વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદીએ</u> <u>1 મે, 2016</u>ના રોજ <u>ઉત્તરપ્રદેશ</u>ના <u>બલિયા</u> ખાતેથી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો પ્રારંભ કર્યો હતો.

- આ યોજના અંતર્ગત ભારતમાં ગરીબ મહિલાઓને મફતમાં LPG કનેક્શન આપવામાં આવે છે.

### આ યોજનાનો ઉદ્દેશ

આ યોજનાના મુખ્ય બે ઉદ્દેશ છે :

(1) ભારતમાં LPGના ઉપયોગમાં વધારો કરીને પ્રદૂષણમાં ઘટાડો કરવો.

(2) ભારતમાં ધુમાડા મુક્ત રસોઈ પદ્ધતિ ઉપલબ્ધ કરાવીને ગ્રામીણ મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો કરવો.

### આ યોજનાના સૌથી વધુ લાભાર્થી 5 રાજ્યો

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો સૌથી વધુ લાભ મેળવનાર ભારતના પ્રથમ પાંચ રાજ્યોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | રાજ્ય | LPG કનેક્શન |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 1,26,40,088 |
| 2 | પશ્ચિમ બંગાળ | 78,47,110 |
| 3 | બિહાર | 77,51,825 |
| 4 | મધ્યપ્રદેશ | 63,31,815 |
| 5 | રાજસ્થાન | 55,34,808 |




**નોંધ :** (1) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ભારતમાં પ્રારંભિક લક્ષ્ય <u>5 કરોડ LPG કનેક્શન</u> ઉપલબ્ધ કરાવવાનો હતો. જે વધારીને હવે <u>8 કરોડ</u> કરવામાં આવ્યો છે.

(2) PMUY યોજના અંતર્ગત ભારતમાં <u>દરરોજ</u> આશરે <u>69,000</u> જેટલા ફ્રી LPG કનેક્શન આપવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ માઈક્રોવેવ ઓવન અને વોશિંગ મશીનો માટે સ્ટાર રેટિંગ કાર્યક્રમનો પ્રારંભ

ભારત સરકારના <u>વીજ મંત્રાલય</u> દ્વારા ભારતમાં <u>માઈક્રોવેવ ઓવન અને વોશિંગ મશીનો</u> માટે <u>સ્ટાર રેટિંગ કાર્યક્રમ</u>ની શરૂઆત કરવામાં આવી છે.

- ભારતમાં વીજળીના વપરાશમાં બચત થાય અને પ્રદૂષણમાં ઘટાડો થાય તે હેતુથી આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમ અંતર્ગત માઈક્રોવેવ ઓવન અને વોશિંગ મશીનના નિર્માણ તથા તેની ટેકનોલોજીમાં ઊર્જા કુશળતા પર ભાર મૂકવામાં આવશે.
- ભારતમાં શરૂઆતમાં 31 ડિસેમ્બર, 2020 સુધી આ કાર્યક્રમ સ્વૈચ્છિક ધોરણે અમલમાં રહેશે.
- આ કાર્યક્રમ અંતર્ગત ભારતમાં વર્ષ <u>2030</u> સુધીમાં <u>3 અબજ યુનિટ</u>થી વધારે વીજળીની બચત થવાની સંભાવના છે.

## ICE Questions

1. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલાધિપતિ અથવા તો ચાન્સેલર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી જીતેન્દ્ર અઢિયા (B) પ્રોફેસર વાય.કે. અલઘ
   (C) શ્રી હસમુખ અઢિયા (D) શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ — **(C)**

2. તાજેતરમાં શ્રી કુમ્મનમ રાજશેખરને ભારતના કયા રાજ્યના રાજ્યપાલ પદેથી રાજીનામું આપ્યું છે ?
   (A) મણિપુર (B) મિઝોરમ (C) ત્રિપુરા (D) સિક્કિમ — **(B)**

3. તાજેતરમાં આસામના કયા રાજ્યપાલને મિઝોરમના રાજ્યપાલ પદનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે ?
   (A) શ્રી જયંત કુલકર્ણી (B) પ્રોફેસર મહેન્દ્ર વર્મા
   (C) શ્રી શૈલેષ ત્રિપાઠી (D) શ્રી જગદીશ મુખી — **(D)**

4. ભારતના નવા નાણા સચિવ તરીકે માર્ચ 2019 દરમિયાન કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી અજય નારાયણ ઝા (B) શ્રી જયંત કુલકર્ણી
   (C) શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ (D) શ્રી શૈલેષ ત્રિપાઠી — **(C)**

5. 8 માર્ચ, 2019ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) અંતર્ગત લાભાર્થીને કેટલામું LPG કનેક્શન અર્પણ કરવામાં આવ્યું છે ?
   (A) 6 કરોડમું (B) 6.5 કરોડમું (C) 7 કરોડમું (D) 8 કરોડમું — **(C)**

6. ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) અંતર્ગત કુલ કેટલા LPG કનેક્શન આપવાની સરકારની યોજના છે ?
   (A) 8 કરોડ (B) 9 કરોડ (C) 10 કરોડ (D) 11 કરોડ — **(A)**

7. 8 માર્ચ, 2019ના રોજ ભારતમાં કોના દ્વારા પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) અંતર્ગત લાભાર્થીને 7 કરોડમું LPG કનેક્શન અર્પણ કરવામાં આવ્યું છે ?
   (A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
   (C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 8. | ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)નો પ્રારંભ કયારથી થયો હતો ?<br>(A) 1 જાન્યુઆરી, 2016 (B) 1 માર્ચ, 2016 (C) 1 મે, 2016 (D) 1 જૂન, 2016 | (C) |
| 9. | ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો સૌથી વધુ લાભ મેળવનાર પ્રથમ ચાર રાજ્યો ક્રમશઃ કયા છે ?<br>(A) ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર<br>(B) ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ<br>(C) ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, રાજસ્થાન<br>(D) ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, મધ્યપ્રદેશ | (D) |
| 10. | ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના(PMUY)નો પ્રારંભ કયાંથી થયો હતો ?<br>(A) પટના, બિહાર (B) પાણીપત, હરિયાણા<br>(C) બલિયા, ઉત્તરપ્રદેશ (D) ભોપાલ, મધ્યપ્રદેશ | (C) |
| 11. | ભારતમાં કઈ પ્રોડક્ટ માટે 31 ડિસેમ્બર, 2020 સુધી સ્વૈચ્છિક ધોરણે સ્ટાર રેટિંગ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે ?<br>(A) રેફ્રીજરેટર અને એરકંડીશનર (B) રેફ્રીજરેટર અને માઈક્રોવેવ ઓવન<br>(C) માઈક્રોવેવ ઓવન અને એરકંડીશનર (D) માઈક્રોવેવ ઓવન અને વોશિંગ મશીન | (D) |
| 12. | ભારતમાં માઈક્રોવેવ ઓવન અને વોશિંગ મશીન માટેના સ્ટાર રેટિંગ કાર્યક્રમથી વર્ષ 2030 સુધીમાં કેટલા યુનિટ વીજળીની બચત થવાની સંભાવના છે ?<br>(A) 1 અબજથી વધુ (B) 2 અબજથી વધુ (C) 3 અબજથી વધુ (D) 4 અબજથી વધુ | (C) |

**12 MARCH, 2019 TUESDAY**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં 'મા' અને 'મા-વાત્સલ્ય' કાર્ડ ધારકોને આયુષ્યમાન યોજનાનો લાભ મળશે

ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય અનુસાર ગુજરાતમાં હવે **'આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'**નો લાભ ગુજરાતના **'મા'** અને **'મા-વાત્સલ્ય' કાર્ડ ધારકોને** પણ આપવામાં આવશે.

- ગુજરાતમાં 'મા' અને 'મા–વાત્સલ્ય' સાથે આયુષ્યમાન ભારત યોજનાને સાંકળી લેવામાં આવી છે.

### યોજનાનો લાભ

- ગુજરાતમાં 'મા' અને 'મા–વાત્સલ્ય' કાર્ડ ધરાવતા દરેક નાગરિકોને નોંધાયેલી સરકારી અને ખાનગી હોસ્પિટલમાં આયુષ્યમાન યોજના હેઠળ **કુટુંબ દીઠ** વાર્ષિક **રૂ. 5 લાખ** સુધીની મફત સારવાર મળશે.
- તેઓ આંખના રોગ, કાનની તકલીફો, નાક અને ગળાના રોગ, સ્ત્રી રોગ, હૃદય રોગ, માનસિક રોગ, કીડનીની બીમારીઓ, ગંભીર ઈજાઓ, નવજાત શીશુઓને લગતા ગંભીર રોગ, કેન્સર, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર વગેરે જેવી સારવાર પણ લઈ શકશે.
- ગુજરાતની આશરે **3110** જેટલી સરકારી અને ખાનગી હોસ્પિટલમાં આ સારવાર મળશે.
- દરેક લાભાર્થીને આવવા અને જવા માટે **રૂ. 300** ટ્રાન્સપોર્ટેશન ચાર્જ પણ આપવામાં આવશે.
- આ યોજના સાથે જોડાવા માટે તમામ હોસ્પિટલોમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન મિત્ર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ **આયુષ્યમાન મિત્ર** દરેક લાભાર્થીઓને સારવાર મેળવતી વખતે જરૂરી માર્ગદર્શન આપશે અને મદદરૂપ પણ થશે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ યુનિવર્સિટી ઓફ પીસ દ્વારા ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુને માનદ્ ડોક્ટરેટની ડિગ્રી એનાયત

તાજેતરમાં <u>યુનિવર્સિટી ઓફ પીસ</u> દ્વારા ભારતના ઉપરાષ્ટ્રપતિ <u>શ્રી વેંકૈયા નાયડુ</u>ને <u>માનદ્ ડોક્ટરેટ</u>ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

- આ સાથે જ શ્રી વેંકૈયા નાયડુ આ ડિગ્રી મેળવનાર <u>પ્રથમ ભારતીય</u> બની ગયા છે.

### યુનિવર્સિટી ઓફ પીસ

સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના પ્રસ્તાવ દ્વારા <u>1980</u>માં યુનિવર્સિટી ઓફ પીસની સ્થાપના થઈ હતી.

- તેનું મુખ્ય કેમ્પસ <u>કોસ્ટા રિકા</u> નામના દેશમાં આવેલું છે.
- આ યુનિવર્સિટીમાં શાંતિપૂર્ણ વિશ્વના નિર્માણ માટે સંશોધન, સેવા અને ગુણવત્તાયુક્ત અભ્યાસ પર ભાર મૂકવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ BCCIની 25 ક્રિકેટરોને 4 કેટેગરીમાં કોન્ટ્રાક્ટની જાહેરાત

તાજેતરમાં BCCI દ્વારા 1 ઓક્ટોબર, 2018 થી 30 સપ્ટેમ્બર, 2019 સુધીની સિઝન માટે ક્રિકેટરોના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત A+, A, B અને C એમ 4 કેટેગરીમાં 25 ક્રિકેટરોનો સમાવેશ થયો છે. આ 25 ક્રિકેટરોને કેટેગરી પ્રમાણે નીચે મુજબ રકમ મળશે.

| ક્રમ | કેટેગરી | વાર્ષિક ફી રૂપિયામાં | ક્રિકેટરનું નામ |
|---|---|---|---|
| 1 | A પ્લસ | 7 કરોડ | શ્રી વિરાટ કોહલી, શ્રી રોહિત શર્મા, શ્રી જશપ્રીત બુમરાહ |
| 2 | A | 5 કરોડ | શ્રી મહેન્દ્ર સિંહ ધોની, શ્રી ચેતેશ્વર પૂજારા અને શ્રી રવિન્દ્ર જાડેજા સહિત કુલ 11 ખેલાડીઓ |
| 3 | B | 3 કરોડ | શ્રી હાર્દિક પંડ્યા, શ્રી કે.એલ. રાહુલ, શ્રી ઉમેશ યાદવ શ્રી યુઝવેન્દ્ર ચહલ |
| 4 | C | 1 કરોડ | શ્રી અંબાતી રાયડુ, શ્રી કેદાર જાદવ અને શ્રી દિનેશ કાર્તિક સહિત કુલ 7 ખેલાડીઓ |

**નોંધ :** (1) તાજેતરમાં થયેલા આ નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં શ્રી શિખર ધવન અને શ્રી ભુવનેશ્વર કુમારને A પ્લસ કેટેગરીમાંથી બહાર કરવામાં આવ્યા છે.

(2) આ અગાઉ થયેલા કોન્ટ્રાક્ટમાં તેમનો સમાવેશ A પ્લસ કેટેગરીમાં થયો હતો. હવે તેમનો સમાવેશ A કેટેગરીમાં થયો છે.

(3) BCCIનું પૂરું નામ 'Board of Control for Cricket in India' છે.

## ➤ પલ્સ પોલિયો કાર્યક્રમ 2019



ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પલ્સ પોલિયો કાર્યક્રમ 2019ને મંજૂરી આપવામાં આવી છે.

- આ કાર્યક્રમ અંતર્ગત ભારતમાં 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પોલિયો ડ્રોપ્સ પીવડાવવામાં આવે છે.
- આ કાર્યક્રમનું આયોજન ભારતમાં દર વર્ષે થાય છે.

**નોંધ :** (1) ભારતને વર્ષ 2014માં પોલિયો મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો હતો.

(2) પલ્સ પોલિયો કાર્યક્રમ 2019નો મુખ્ય ઉદ્દેશ ભારતને પોલિયો મુક્ત દેશ તરીકે જાળવી રાખવાનો છે.

GPSC 1/2, PI, PSI/CONSTABLE, Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

LATEST 2019




# ગુજરાતનો
## સાંસ્કૃતિક વારસો

- GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક
- સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલો સાંસ્કૃતિક વારસાનો તદ્દન સરળ અભ્યાસ
- અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોનો ચેપ્ટરવાઈઝ સમાવેશ
- મહત્ત્વના સ્થળો યાદ રાખવા માટે નકશાઓનો પ્રયોગ

Available at amazon

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ CALL : 93753-01110

## ICE Questions

1. તાજેતરમાં ગુજરાતના 'મા' અને 'મા–વાત્સલ્ય' કાર્ડ ધારકોને કેન્દ્ર સરકારની કઈ યોજના સાથે જોડવામાં આવ્યા છે ?
   (A) પ્રધાનમંત્રી ન્યુ હેલ્થ સ્કીમ ફોર ઓલ
   (B) પ્રધાનમંત્રી ભારત આરોગ્ય યોજના
   (C) પ્રધાનમંત્રી ભારત જીવન આરોગ્ય યોજના
   (D) આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના **(D)**

2. BCCI દ્વારા તાજેતરમાં ભારતીય ક્રિકેટરો માટે ચાર કેટેગરીમાં સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરવામાં આવી છે. આ ચાર કેટેગરીમાં નીચેનામાંથી કઈ કેટેગરીનો સમાવેશ થતો નથી ?
   (A) A પ્લસ (B) B (C) B પ્લસ (D) C **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. BCCI દ્વારા ભારતીય ક્રિકેટરોને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અંતર્ગત ચાર કેટેગરીમાં અપાતી રકમના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?
(A) A પ્લસ – 7 કરોડ રૂપિયા (B) A – 5 કરોડ રૂપિયા
(C) B – 3 કરોડ રૂપિયા (D) C – 2 કરોડ રૂપિયા **(D)**

4. BCCI દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અનુસાર સૌથી ઉંચી A પ્લસ કેટેગરીમાં નીચેનામાંથી કયા ક્રિકેટરનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી મહેન્દ્રસિંહ ધોની (B) શ્રી વિરાટ કોહલી
(C) શ્રી રોહિત શર્મા (D) શ્રી જશપ્રીત બુમરાહ **(A)**

5. તાજેતરમાં યુનિવર્સિટી ઓફ પીસ દ્વારા માનદ ડોક્ટરેટની ડિગ્રી મેળવનાર પ્રથમ ભારતીય વ્યક્તિનું નામ શું છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી અરૂણ જેટલી **(C)**

6. નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતમાં દર વર્ષે 6 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પોલિયો ડ્રોપ્સ પીવડાવવામાં આવે છે.
2. ભારતને વર્ષ 2012માં પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 13 MARCH, 2019 WEDNESDAY

### ➤ ગુજરાતના મંત્રી મંડળનું વિસ્તરણ

તાજેતરમાં ગુજરાતના મંત્રી મંડળનું વિસ્તરણ કરીને તેમાં <u>ત્રણ નવા</u> મંત્રીશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ નવા ત્રણ મંત્રીશ્રીઓમાં **શ્રી જવાહર ચાવડા**ને ગુજરાતના નવા **કેબિનેટ મંત્રી** અને **શ્રી યોગેશ પટેલ** તથા **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**ને **રાજ્યકક્ષાના મંત્રી** બનાવવામાં આવ્યા છે.
- આ નવનિયુક્ત મંત્રીશ્રીઓને નીચે પ્રમાણેના ખાતા ફાળવવામાં આવ્યા છે.

**નવ નિયુક્ત મંત્રીશ્રીઓને ફાળવાયેલા ખાતા**

| ક્રમ | નામ | ખાતુ | આ ખાતુ અગાઉ કોની પાસે હતું ? |
|---|---|---|---|
| 1. | શ્રી જવાહર ચાવડા | કેબિનેટ કક્ષાનું – પ્રવાસન અને મત્સ્યઉદ્યોગ | શ્રી ગણપત વસાવા, શ્રી આર.સી. ફળદુ |
| 2. | શ્રી યોગેશ પટેલ | રાજ્ય કક્ષાનું – નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ | આ રાજ્યકક્ષાના વિભાગોના હવાલા અગાઉ કોઈને સોંપાયા ન હતા. |
| 3. | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | રાજ્ય કક્ષાનું – અન્ન નાગરિક પુરવઠો, ગ્રાહક સુરક્ષા અને કુટિર ઉદ્યોગ | આ રાજ્યકક્ષાના વિભાગોના હવાલા અગાઉ કોઈને સોંપાયા ન હતા. |

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**નોંધ :** (1) આ ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રી **શ્રી વાસણ આહીર** પાસે અત્યાર સુધી માત્ર **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ** વિભાગનો જ રાજ્યકક્ષાનો હવાલો હતો.

(2) હવે **શ્રી વાસણ આહીર**ને આ ઉપરાંત **પ્રવાસન** વિભાગનો **રાજ્યકક્ષા**નો હવાલો પણ સોંપવામાં આવ્યો છે. આ પ્રવાસન વિભાગનો રાજ્યકક્ષાનો હવાલો અગાઉ કોઈને સોંપવામાં આવ્યો ન હતો.


GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, ક્લાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક


# તર્કશક્તિ
## REASONING

શોર્ટકટ ટ્રીક્સ અને સ્કોરીંગ મેથડ સાથે તદ્દન સરળ સમજૂતી અને પ્રેક્ટીસ

સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલી રીઝનિંગના વિવિધ ટોપિકની તદ્દન સરળ રજૂઆત

બદલાયેલ પરીક્ષા પદ્ધતિને અનુરૂપ તૈયાર કરાયેલ સંપૂર્ણ પરીક્ષાલક્ષી મટીરિયલ્સ

GPSCથી લઈને વર્ગ-3 સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પુસ્તક




Available at amazon

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે
CALL
93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➤ ઈથોપિયાનું બોઈંગ 737 મેક્સ-8 વિમાન ક્રેશ થતાં 157ના મોત

તાજેતરમાં **ઈથોપિયા**ની રાજધાની **એડિસ અબાબા**થી **કેન્યા**ની રાજધાની **નૈરોબી** જઈ રહેલું **ઈથોપિયન એરલાઈન**નું એક વિમાન ક્રેશ થતાં તેમાં સવાર તમામ 157 લોકોના મોત થયા છે.

- મૃતકોમાં ભારત સહિત 30થી વધુ દેશોના સભ્યોનો સમાવેશ થાય છે.
- **એડિસ અબાબા**ના **બોલે એરપોર્ટ**થી ઉડાનભર્યાની માત્ર 6 મિનિટમાં **બોઈંગ 737 મેક્સ - 8** નામનું આ વિમાન એડિસ અબાબાથી આશરે 60 કિમી દૂર **બિસોફ્તુ** અથવા તો **ડેબ્રી ઝેટ** નામના વિસ્તારમાં તૂટી પડ્યું હતું.

### બોઈંગ 737 મેક્સ - 8 વિમાન પર પ્રતિબંધ

ઈથોપિયન એરલાઈનનું આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ 13 માર્ચ, 2019ના રોજ ભારત, ચીન, બ્રિટન, ઓસ્ટ્રેલિયા સહિત આશરે 50 જેટલા દેશોએ **બોઈંગ 737 મેક્સ - 8** વિમાનના ઉડ્ડયન પર પ્રતિબંધ મૂકી દીધો છે.

- વિશ્વના અનેક દેશો દ્વારા સુરક્ષાના કારણોસર બોઈંગ 737 મેક્સ - 8 પર આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- કેમ કે, આ અગાઉ છ મહિના પહેલા **ઓક્ટોબર 2018**માં પણ **લાયન એરલાઈન**નું આવું જ એક વિમાન **ઈન્ડોનેશિયા**ના **જકાર્તા નજીક** તૂટી પડતાં 189 લોકોના મોત થયા હતા.
- આથી, માત્ર છ મહિનાના ટૂંકા ગાળામાં જ બે વિમાન અકસ્માતગ્રસ્ત થતાં વિમાનમાં ટેક્નિકલ ખામી હોવાની શંકાને આધારે સુરક્ષાના કારણોસર બોઈંગ 737 મેક્સ - 8 પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### બોઈંગ 737 મેક્સ - 8

બોઈંગ 737 મેક્સ - 8 એ **અમેરિકા**ની **'બોઈંગ કોમર્શિયલ એરપ્લેન્સ'** નામની કંપનીનું **બોઈંગ 737** સિરીઝનું **ચોથી પેઢી**નું અને **સૌથી લેટેસ્ટ** વિમાન છે.

- આ વિમાને **29 જાન્યુઆરી, 2016**ના રોજ તેની પ્રથમ ઉડાન ભરી હતી.
- અને **મિલિન્દો એર** દ્વારા સૌપ્રથમ **22 મે, 2017**ના રોજ તેને ઉપયોગમાં લેવામાં આવ્યું હતું.
- આ વિમાન આધુનિક ટેક્નોલોજીથી સજ્જ છે અને તેમાં એક સફરમાં આખો એટલાન્ટિક મહાસાગર ઓળંગવાની કેપિસિટી હોવાનો દાવો પણ બોઈંગ દ્વારા કરાયો હતો.
- બળતણનો ઓછો વપરાશ અને સુવિધા જનક વધુ સિટિંગ કેપેસિટીને કારણે સમગ્ર વિશ્વની 100 જેટલી એરલાઈન્સે 5000 જેટલા આ વિમાનો માટે બોઈંગ કંપનીને ઓર્ડર આપ્યો હતો.



## ➤ શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનો શિલાન્યાસ



તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશના** **વારાણસીમાં** **શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનો** શિલાન્યાસ કર્યો છે.

- આ 50 ફૂટના કોરિડોર દ્વારા **ગંગા નદીના** **મણિકર્ણિકા** અને **લલિતા ઘાટને** **શ્રી કાશી વિશ્વનાથ મંદિર** સાથે જોડવામાં આવશે.
- આ ઉપરાંત **શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો** જીર્ણોદ્ધાર પણ થશે.
- આ અગાઉ **1780માં** મરાઠા રાણી **અહિલ્યાબાઈ હોલ્કરે** આ મંદિર તથા તેની આસપાસના વિસ્તારનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

**નોંધ :** ઉત્તરપ્રદેશના **વારાણસી** ખાતે આવેલા આ પ્રસિદ્ધ **શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો** સમાવેશ ભારતના પ્રસિદ્ધ **12 જ્યોતિર્લિંગમાં** થાય છે.

## ➤ કર મુક્ત ગ્રેચ્યુટીની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને રૂ.20 લાખ કરવામાં આવી

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **કર મુક્ત ગ્રેચ્યુટીની** મર્યાદા **રૂ. 10 લાખથી** વધારીને **રૂ. 20 લાખ** કરવામાં આવી છે.

- સરકારના આ નિર્ણયથી સરકારી તેમજ પ્રાઈવેટ ક્ષેત્રના અનેક કર્મચારીઓને લાભ થશે.

### ગ્રેચ્યુટી શું છે ?

ગ્રેચ્યુટી એ નોકરી આપનાર તરફથી રિટાયરમેન્ટ અથવા તો નોકરી બદલવાના સમયે કર્મચારીને આપવામાં આવતો આર્થિક લાભ છે.

- ગ્રેચ્યુટીનો લાભ મેળવવા માટે કોઈપણ સંસ્થા કે સંગઠન અથવા કંપનીમાં ઓછામાં ઓછી પાંચ વર્ષ નોકરી કરવી જરૂરી છે.
- **પેમેન્ટ ઓફ ગ્રેચ્યુટી એક્ટ, 1972** અનુસાર જો કોઈ સંસ્થા કે કંપનીમાં **10 કે તેથી વધુ** કર્મચારીઓ સતત **12 મહિના** સુધી કાર્ય કરે છે તો આવી સંસ્થા કે કંપની ગ્રેચ્યુટીના દાયરામાં આવી જાય છે.
- આથી આવી સંસ્થા કે કંપનીએ તેમના કર્મચારીઓને ગ્રેચ્યુટીનો લાભ આપવો પડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ચક્ર III સબમરીન અંગે ભારત અને રશિયા વચ્ચે કરાર

તાજેતરમાં **ભારત અને રશિયા** વચ્ચે **ચક્ર III સબમરીન** અંગે એક કરાર પર હસ્તાક્ષર થયા છે.

- આ કરાર અંતર્ગત **રશિયા ભારતને** **3 અબજ ડોલરના** ખર્ચે **ચક્ર III** નામની **સબમરીન** **10 વર્ષ** માટે લીઝ પર આપશે.
- ચક્ર III એ રશિયાની **અકુલા વર્ગની** સબમરીન છે.
- રશિયા વર્ષ **2025** સુધીમાં દસ વર્ષ માટે આ સબમરીન ભારતને સોંપશે.

**નોંધ :** આ અગાઉ ભારતે **1988માં** **3 વર્ષ** માટે અને ત્યારબાદ **2012માં** **10 વર્ષ** માટે **INS ચક્ર** નામની સબમરીન રશિયા પાસેથી બે વખત લીઝ પર લીધી હતી.

## ICE ? Questions

1. માર્ચ, 2019 દરમિયાન ગુજરાતના મંત્રીમંડળમાં ત્રણ નવા મંત્રીશ્રીઓનો સમાવેશ થયો છે... આ ત્રણ નવા મંત્રીશ્રીઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (B) શ્રી પુરુષોત્તમ સાબરિયા
(C) શ્રી યોગેશ પટેલ (D) શ્રી જવાહર ચાવડા **(B)**

2. ગુજરાત સરકારના કેબિનેટ કક્ષાના વર્તમાન (13 માર્ચ, 2019ની સ્થિતિએ) પ્રવાસન તથા મત્સ્યઉદ્યોગ મંત્રીશ્રીનું નામ શું છે ?
(A) શ્રી વાસણ આહીર (B) શ્રી ગણપત વસાવા (C) શ્રી આર.સી. ફળદુ (D) શ્રી જવાહર ચાવડા **(D)**

3. તાજેતરમાં માર્ચ, 2019 દરમિયાન કયા દેશનું વિમાન ક્રેશ થતાં 157 લોકોના મોત થયા છે ?
(A) ઈન્ડોનેશિયા (B) ઈથોપિયા (C) ઈક્વાડોર (D) કેન્યા **(B)**

4. તાજેતરમાં માર્ચ 2019 દરમિયાન ઈથોપિયાનું કયું વિમાન ક્રેશ થતાં 157 લોકોના મોત થયા હતા ?
(A) બોઈંગ 737 મેક્સ - 8 (B) બોઈંગ 727 મેક્સ - 8
(C) બોઈંગ 757 મેક્સ - 8 (D) બોઈંગ 747 મેક્સ - 8 **(A)**

5. તાજેતરમાં ઈથોપિયાની કઈ એરલાઈનનું બોઈંગ 737 મેક્સ - 8 નામનું વિમાન ક્રેશ થતાં 157 લોકોના મોત થયા હતા ?
(A) ટ્રાન્સ નેશન એરવેઝ (B) નેશનલ એરવેઝ ઈથોપિયા
(C) ઈસ્ટ આફ્રિકન એવિયેશન (D) ઈથોપિયન એરલાઈન **(D)**

6. તાજેતરમાં ઈથોપિયન એરલાઈનનું બોઈંગ વિમાન ક્રેશ થતાં 157 લોકોના મોત થયા છે. આ વિમાન કયાંથી કયાં જઈ રહ્યું હતું ?
(A) કેન્યાના નૈરોબીથી ઈથોપિયાના એડિસ અબાબા
(B) ઈથોપિયાના એડિસ અબાબાથી કેન્યાના નૈરોબી
(C) ઈથોપિયાના એડિસ અબાબાથી દક્ષિણ આફ્રિકાના કેપ ટાઉન
(D) દક્ષિણ આફ્રિકાના કેપટાઉનથી ઈથોપિયાના એડિસ અબાબા **(B)**

7. બોઈંગ 737 મેક્સ - 8 વિમાનનું નિર્માણ અમેરિકાની કઈ કંપની દ્વારા થાય છે ?
(A) બોઈંગ એવિયેશન લિમિટેડ (B) બોઈંગ કોમર્શિયલ એરપ્લેન્સ
(C) બોઈંગ ઈન્ફ્રા લિમિટેડ (D) બોઈંગ યુએસ એવિયેશન **(B)**

8. તાજેતરમાં માર્ચ 2018 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા મંદિરના કોરિડોર તથા જીર્ણોદ્ધારનો શિલાન્યાસ કર્યો છે ?
(A) શ્રી મલ્લિકાર્જુન મંદિર (B) શ્રી કેદારનાથ મંદિર
(C) શ્રી ભિમાશંકર મંદિર (D) શ્રી કાશી વિશ્વનાથ મંદિર **(D)**

9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કર મુક્ત ગ્રેચ્યુટીની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે?
(A) 15 લાખ (B) 20 લાખ (C) 25 લાખ (D) 30 લાખ **(B)**

10. તાજેતરમાં ભારતે રશિયા પાસેથી કઈ સબમરીન 10 વર્ષ માટે લીઝ પર લેવા કરાર કર્યા છે ?
(A) ચાર્લી III (અકુલા ક્લાસ) (B) ઓક્સાર III (અકુલા ક્લાસ)
(C) ચક્ર III (અકુલા ક્લાસ) (D) ડેલ્ટા III (અકુલા ક્લાસ) **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**14 MARCH, 2019 THURSDAY**

## ➤ E-DHARTI APP અને Portal લોન્ચ

તાજેતરમાં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી **શ્રી હરદીપ પુરી** એ **e-dharti app** અને **e-dharti Geo Portal** લોન્ચ કર્યું છે.

- આ એપ તથા પોર્ટલના માધ્યમથી લોકોને સરળતાથી માહિતી મળી રહેશે અને સરકારને વિવિધ સરકારી પ્રોપર્ટીના સંચાલનમાં મદદ થશે.

### e-dharti app

ઈ–ધરતી એપમાં ત્રણ મોડ્યુલ છે. અને ત્રણેય મોડ્યુલને ઓનલાઈન કરવામાં આવ્યા છે.

- **L & Do (Land & Development Office)**માં પેમેન્ટ સિસ્ટમને પણ સંપૂર્ણપણે ડિજિટલ કરવામાં આવી છે.
- આ એપની મદદથી લોકો ઘેર બેઠા જ પોતાની અરજી L & Doને મોકલી શકશે. આ માટે હવે તેમણે ત્યાં જવાની જરૂર પડશે નહિ.

### e-dharti Geo Portal

ઈ–ધરતી જીઓ પોર્ટલના માધ્યમથી સરકાર પોતાની ખાલી જગ્યાઓ તથા લીઝ પર આપેલી જગ્યાઓની દેખરેખ રાખી શકશે તથા તેનું સંચાલન પણ કરી શકશે.

- આ પોર્ટલના માધ્યમથી સરકારી જગ્યા ભાડે રાખનાર વ્યક્તિને જગ્યા સંબંધિત માહિતી અને લોકેશન ઓનલાઈન મળી રહેશે.
- આ પોર્ટલના માધ્યમથી સરકારી ખાલી જગ્યા પર જો કોઈ ગેરકાયદેસર કબ્જો થયો હોય તો તેની પણ માહિતી મળી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ➤ ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન (ICAP)નો શુભારંભ

તાજેતરમાં ભારતના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી **શ્રી ડૉ. હર્ષવર્ધને** **નવી દિલ્હી** ખાતેથી **ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન(ICAP)**નો શુભારંભ કર્યો છે.

- આ સાથે જ ભારતનો સમાવેશ વિસ્તૃત કૂલિંગ એક્શન પ્લાન અમલમાં મૂકનાર વિશ્વના કેટલાક જૂજ દેશોમાં થઈ ગયો છે.

### ICAPનો ઉદ્દેશ

ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં કૂલિંગની જરૂરિયાત પૂર્ણ કરવા માટે આ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે.

- આ એક્શન પ્લાનનો એક અન્ય ઉદ્દેશ પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક–આર્થિક લાભ માટે આ બંને વચ્ચે સંતુલન સાધવાનો છે.
- આથી, ભારતમાં **20 વર્ષ**ના સમયગાળામાં કૂલિંગની માંગમાં ઘટાડો કરવા, કૂલિંગના સાધનોમાં શ્રેષ્ઠ ટેક્નિકનો ઉપયોગ કરીને ઊર્જા દક્ષતામાં વધારો કરવા માટે આ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે.

### ICAPના લક્ષ્યાંક

ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન(ICAP)ના મુખ્ય લક્ષ્યાંકો આ મુજબ છે :

(1) વર્ષ **2037-38** સુધીમાં તમામ સેક્ટરોમાં **કૂલિંગ**ની માંગમાં **20થી 25 ટકા**નો ઘટાડો કરવો.

(2) **2037-38** સુધીમાં **રેફ્રિજરેટર**ની માંગમાં **25થી 30 ટકા**નો ઘટાડો કરવો.

(3) **2037-38** સુધીમાં **કૂલિંગ એનર્જી**ની માંગમાં **25થી 40 ટકા**નો ઘટાડો કરવો.

(4) સ્કિલ ઈન્ડિયા મિશન અંતર્ગત વર્ષ 2022-23 સુધીમાં આ ક્ષેત્રમાં 1 લાખ જેટલા ટેક્નિશિયનોને તાલીમ આપી તેમને પ્રમાણપત્ર આપવા.

## ➤ ભારત વિશ્વનો બીજો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ : SIPRI

**Stockholm International Peace Research Institute (SIPRI)** દ્વારા પ્રસિદ્ધ થયેલા તાજેતરના રિપોર્ટ અનુસાર **સાઉદી અરેબિયા** વિશ્વનો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ છે.

- સાઉદી અરેબિયા બાદ **ભારત** આ યાદીમાં **બીજા** ક્રમે છે.
- ત્યારબાદ **ઈજિપ્ત, ઓસ્ટ્રેલિયા** અને **અલ્જિરિયા** આ યાદીમાં ક્રમશઃ **ત્રીજા, ચોથા** અને **પાંચમા** નંબરે છે.
- વર્ષ **2014 થી 2018** સુધીમાં વૈશ્વિક હથિયાર આયાતમાં **ભારત**નો હિસ્સો **9.5 ટકા** અને **સાઉદી અરેબિયા**નો હિસ્સો **12 ટકા** હતો.
- 2009-13 તથા 2014-18 દરમિયાન **ભારત**માં હથિયારની આયાતમાં **24 ટકાનો ઘટાડો** થયો છે. આ ઘટાડાનું મુખ્ય કારણ ભારત સરકારનું **'મેક ઈન ઈન્ડિયા'** અભિયાન છે.
- 2009-13 તથા 2014-18 દરમિયાન **રશિયા** દ્વારા **ભારત**માં થતી હથિયારોની નિકાસમાં **42 ટકા**નો ઘટાડો થયો છે.
- 2014-18 દરમિયાન **ઈઝરાયેલ, અમેરિકા અને ફ્રાન્સ** દ્વારા **ભારત**માં થતી હથિયારોની નિકાસમાં વધારો થયો છે.
- વર્ષ 2014થી 2018 દરમિયાન વિશ્વના સૌથી મોટા હથિયારોની નિકાસ કરતા દેશ ક્રમશઃ અમેરિકા, રશિયા, ફ્રાન્સ, જર્મની અને ચીન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ICE ? Questions

1. તાજેતરમાં ભારત સરકારના લેન્ડ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ (L & Do) દ્વારા કઈ એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) ઈ–દૃષ્ટિ (B) ઈ–ધરતી (C) ઈ–સૃષ્ટિ (D) ઈ–પૃથ્વી — **(B)**

2. તાજેતરમાં નવી દિલ્હી ખાતેથી કોના દ્વારા ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન (ICAP)નો શુભારંભ કરવામાં આવ્યો છે ?
(A) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન (B) શ્રી હરદીપ પુરી (C) શ્રી ડો. હર્ષવર્ધન (D) શ્રી વેંકૈયા નાયડુ — **(C)**

3. તાજેતરમાં લોન્ચ થયેલા ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન (ICAP) અનુસાર વર્ષ 2037-38 સુધીમાં ભારતમાં તમામ સેક્ટરોમાં કૂલિંગની માંગમાં કેટલા ટકાનો ઘટાડો કરવાનું લક્ષ્યાંક છે ?
(A) 10 થી 20 ટકા (B) 15 થી 20 ટકા (C) 20 થી 25 ટકા (D) 25 થી 30 ટકા — **(C)**

4. તાજેતરમાં લોન્ચ થયેલા ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન (ICAP) અનુસાર વર્ષ 2037-38 સુધીમાં ભારતમાં રેફ્રિજરેટરની માંગમાં કેટલા ટકાનો ઘટાડો કરવાનું લક્ષ્યાંક છે ?
(A) 15 થી 20 ટકા (B) 20 થી 25 ટકા (C) 25 થી 30 ટકા (D) 30 થી 35 ટકા — **(C)**

5. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનો કેટલામો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ છે ?
(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો — **(B)**

6. SIPRI દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર વિશ્વનો સૌથી મોટો હથિયારની આયાત કરતો દેશ કયો છે ?
(A) યુનાઈટેડ આરબ અમીરાત (B) ઈજિપ્ત
(C) ઓસ્ટ્રેલિયા (D) સાઉદી અરેબિયા — **(D)**

7. SIPRI દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર વિશ્વની કુલ હથિયારો આયાતમાં ભારતનો હિસ્સો કેટલા ટકા છે ?
(A) 12 ટકા (B) 10.5 ટકા (C) 9.5 ટકા (D) 8 ટકા — **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

આગામી સમયમાં SBI, IBPS, INSURANCEમાં 1 લાખથી વધુ ભરતી...

SBI
IBPS
INSURANCE

નવી બેચ શરૂ
26-3-19
7 to 8:30 PM

## 15 MARCH, 2019 FRIDAY

## ➤ દિવસ મહિમા : 15 માર્ચ, વિશ્વ ગ્રાહક દિન (World Consumer Rights Day) તથા World Speech Day

## ➤ સ્વચ્છતા સર્વેક્ષણ 2019

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા તાજેતરમાં ભારતમાં 4 જાન્યુઆરી, 2019 થી 31 જાન્યુઆરી, 2019 દરમિયાન ચોથા 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન થયું હતું.

- આ સર્વેક્ષણમાં ભારતના 4237 શહેરોએ ભાગ લીધો હતો. જે વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વે હતો.
- ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણનો પ્રારંભ 2016થી થયો હતો. જેમાં ભારતના 73 શહેરોએ ભાગ લીધો હતો.

**ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણ અને શહેરોની સંખ્યા**

| ક્રમ | વર્ષ | ભાગ લેનાર શહેરોની સંખ્યા |
|---|---|---|
| 1 | 2016 | 73 |
| 2 | 2017 | 434 |
| 3 | 2018 | 4203 |
| 4 | 2019 | 4237 |





**નોંધ :** (1) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં ભારતના તમામ રાજ્યોમાંથી પશ્ચિમ બંગાળે ભાગ લીધો ન હતો.
(2) જ્યારે લક્ષદ્વીપે સ્વચ્છતા સર્વેક્ષણમાં એક પણ વખત ભાગ લીધો નથી.

ICE INSTITUTE FOR COMPETE

### એવોર્ડ માટેના માપદંડ

સ્વચ્છતા સર્વેક્ષણ 2019 'Karvy Data Management Services Limited' નામની સ્વતંત્ર એજન્સી દ્વારા કરાવવામાં આવ્યો હતો.

- જેમાં એવોર્ડ માટે ચાર માપદંડો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.
- આ ચાર માપદંડોને આધારે કુલ 5000 માર્ક્સમાંથી એવોર્ડ એનાયત થયા હતા.
- આ ચાર માપદંડો અને તેમને અપાયેલું વેઈટેજ આ પ્રમાણે છે.



## સ્વચ્છતા સર્વેક્ષણ માટેના ચાર માપદંડ

| ક્રમ | માપદંડ | વેઈટેજ | માર્ક્સ |
|---|---|---|---|
| 1 | સેવા સ્તરમાં થયેલી પ્રગતિ | 25% | 1250 |
| 2 | પ્રત્યક્ષ નિરીક્ષણ | 25% | 1250 |
| 3 | નાગરિકોના ફિડબેક | 25% | 1250 |
| 4 | કચરા મુક્ત શહેરો અને ખુલ્લામાં શૌચ મુક્ત શહેરો માટેના સર્ટિફિકેટ | 25% | 1250 |
| | | કુલ | 5000 |

**નોંધ :** આ અગાઉ સ્વચ્છતા સર્વેક્ષણ 2018માં ઉપરોક્ત ચારમાંથી પ્રથમ ત્રણ માપદંડોને આધારે કુલ 4000 માર્ક્સમાંથી એવોર્ડ એનાયત થયા હતા.

## સ્વચ્છતા સર્વેક્ષણ 2019 રિઝલ્ટ

સ્વચ્છતા સર્વેક્ષણ 2019 અંતર્ગત કુલ 55 કેટેગરીમાં એવોર્ડ જાહેર કરવામાં આવ્યા છે.

- જુદી જુદી 55 કેટેગરીમાં જાહેર થયેલા આ એવોર્ડમાંથી કેટલાક મુખ્ય એવોર્ડ આ પ્રમાણે છે :

### ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય | કુલ 5000માંથી મળેલા માર્ક્સ |
|---|---|---|---|
| 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ | 4659 |
| 2 | અમ્બિકાપુર | છત્તીસગઢ | 4394 |
| 3 | મૈસૂર | કર્ણાટક | 4379 |
| 4 | ઉજ્જૈન | મધ્યપ્રદેશ | 4244 |
| 5 | નવી દિલ્હી (NDMC) | દિલ્હી | 4191 |
| 6 | અમદાવાદ | ગુજરાત | 4137 |
| 7 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર | 4129 |
| 8 | તિરુપતિ | આંધ્રપ્રદેશ | 4025 |
| 9 | રાજકોટ | ગુજરાત | 4000 |
| 10 | દેવાસ | મધ્યપ્રદેશ | 3968 |
| 14 | સુરત | ગુજરાત | 3861 |
| 22 | ગાંધીનગર | ગુજરાત | 3757 |
| 73 | ડીસા | ગુજરાત | 3052 |
| 79 | વડોદરા | ગુજરાત | 3000 |
| 80 | જામનગર | ગુજરાત | 2996 |
| 88 | વાપી | ગુજરાત | 2953 |
| 91 | ભાવનગર | ગુજરાત | 2921 |
| 100 | ધુલે | મહારાષ્ટ્ર | 2858 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત ત્રીજી વખત પ્રથમ ક્રમે છે.

(2) ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોમાં ગુજરાતનું અમદાવાદ છઠ્ઠા, રાજકોટ 9મા, સુરત 14મા અને ગાંધીનગર 22મા ક્રમે છે.

(3) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોમાં ગુજરાતના કુલ 9 શહેરોનો સમાવેશ થયો છે.

(4) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં ગુજરાતના સૌથી સ્વચ્છ 5 શહેરો ક્રમશઃ આ પ્રમાણે છે : અમદાવાદ, રાજકોટ, સુરત, ગાંધીનગર અને ડીસા.

### 1 લાખથી ઓછી વસતીવાળા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | કરહદ | મહારાષ્ટ્ર |
| 2 | લોનાવાલા | મહારાષ્ટ્ર |
| 3 | મુલ | મહારાષ્ટ્ર |
| 4 | વીટા | મહારાષ્ટ્ર |
| 5 | શાહગંજ | મધ્યપ્રદેશ |
| 77 | પેટલાદ | ગુજરાત |
| 83 | જામજોધપુર | ગુજરાત |
| 100 | ડાપોલી કેમ્પ | મહારાષ્ટ્ર |

**નોંધ :** (1) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં એક લાખથી ઓછી વસતીવાળા ભારતના 100 સૌથી સ્વચ્છ શહેરોમાં ટોપ ટેનમાં મહારાષ્ટ્રના 8 અને ટોપ 20માં મહારાષ્ટ્રના 16 શહેરોનો સમાવેશ થયો છે.

(2) એક લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના 100 સૌથી સ્વચ્છ શહેરોમાં ગુજરાતના બે શહેરો પેટલાદ (77) અને જામજોધપુર (83)નો સમાવેશ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### BEST Performers of Nation

### ભારતના સૌથી વધુ સ્વચ્છ ત્રણ શહેરો

| ક્રમ | એવોર્ડનું નામ | શહેરનું નામ |
|---|---|---|
| 1 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર નં. 1 | ઈન્દોર |
| 2 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર નં. 2 | અંબિકાપુર |
| 3 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર નં. 3 | મૈસૂર |

### 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરો

| ક્રમ | એવોર્ડનું નામ | શહેર |
|---|---|---|
| 1 | ભારતનું સૌથી સ્વચ્છ મોટું શહેર | અમદાવાદ |
| 2 | 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ'માં શ્રેષ્ઠ મોટું શહેર | સુરત |

**નોંધ :** (1) દસ લાખથી વધુ વસતી ધરાવતા ભારતના **સૌથી સ્વચ્છ મોટા શહેરો**માં ગુજરાતનું **અમદાવાદ પ્રથમ** ક્રમે છે.

(2) દસ લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં **સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**માં ગુજરાતનું **સુરત પ્રથમ** ક્રમે છે.

## વિવિધ કેટેગરીમાં પ્રથમ શહેરો

| ક્રમ | કેટેગરી | શહેર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | 3થી 10 લાખ વસતી ધરાવતું ભારતનું સૌથી વધુ સ્વચ્છ મીડિયમ શહેર | ઉજ્જૈન | મધ્યપ્રદેશ |
| 2 | 1થી 3 લાખ વસતી ધરાવતું ભારતનું સૌથી વધુ સ્વચ્છ નાનું શહેર | ઓરઈ | ઉત્તરપ્રદેશ |
| 3 | ભારતનું સૌથી સ્વચ્છ સ્ટેટ કેપિટલ | ભોપાલ | મધ્યપ્રદેશ |
| 4 | ફાસ્ટેસ્ટ મૂવર ઈન વેસ્ટ-ઝોન (1 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરો) | વિસાવદર | ગુજરાત |
| 5 | ફાસ્ટેસ્ટ મૂવર સિટી વેસ્ટ-ઝોન (50,000થી 1 લાખ વસતી ધરાવતા શહેરો) | ઉપલેટા | ગુજરાત |
| 6 | ફાસ્ટેસ્ટ મૂવર સિટી વેસ્ટ-ઝોન (25,000થી 50,000 વસતી ધરાવતા શહેરો) | બગસરા | ગુજરાત |
| 7 | ફાસ્ટેસ્ટ મૂવર સિટી વેસ્ટ-ઝોન (25,000થી ઓછી વસતી ધરાવતા શહેરો) | તાલાલા | ગુજરાત |
| 8 | ભારતનું ફાસ્ટેસ્ટ મૂવર સ્ટેટ | – | ગુજરાત |
| 9 | બેસ્ટ ગંગા ટાઉન | ગૌચર | ઉત્તરાખંડ |

**નોંધ :** (1) ભારતના **વેસ્ટ ઝોન**માં **ફાસ્ટેસ્ટ મૂવર શહેરો**માં ગુજરાતના **વિસાવદર, ઉપલેટા, બગસરા અને તાલાલા**નો સમાવેશ થયો છે.

(2) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં **ભારતનું ફાસ્ટેસ્ટ મૂવર સ્ટેટ ગુજરાત** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | છત્તીસગઢ |
| 2 | ઝારખંડ |
| 3 | મહારાષ્ટ્ર |
| 4 | મધ્યપ્રદેશ |
| 5 | ગુજરાત |
| 28 | મેઘાલય |

**નોંધ :** (1) સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં **ભારતના બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ**ની યાદીમાં **છત્તીસગઢ પ્રથમ** ક્રમે છે.

(2) જ્યારે આ યાદીમાં **ગુજરાત પાંચમા** ક્રમે છે.

## સ્વચ્છતા સર્વેક્ષણ 2019માં ગુજરાતના શહેરોનું Star Rating અને ODF સ્ટેટસ

| ક્રમ | શહેરનું નામ | Star Rating | ODF Status | Rank 2019 | Rank 2018 |
|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | ★★★ | ODF++ | 6 | 12 |
| 2 | રાજકોટ | ★★★ | ODF++ | 9 | 35 |
| 3 | સુરત | ★★★ | ODF++ | 14 | 14 |

**નોંધ :** (1) તાજેતરમાં **નવી દિલ્હી** ખાતે યોજાયેલા એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'ના વિજેતાઓને એવોર્ડ એનાયત કર્યા હતા.

(2) કેન્દ્ર સરકારના **આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય** દ્વારા લોન્ચ કરવામાં આવેલી સ્વચ્છતા એપનું નામ **'Swachhta MoHUA'** છે.

## ➤ પાકિસ્તાન-ચીન સરહદે 110 શેલ્ટરહોમ બનશે

ભારતમાં પાકિસ્તાન-ચીન સરહદે **110 શેલ્ટરહોમ** બનાવવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે.

- ભારતમાં સરહદ પારના ગોળીબાર અને મિસાઈલ હુમલાથી **વાયુસેનાના લડાકુ વિમાનોને બચાવવા માટે** આશરે **રૂ. 5000 કરોડ**ના ખર્ચે આ શેલ્ટર હોમ બનાવવામાં આવશે.
- સરહદે હાલમાં લડાકુ વિમાનો ખુલ્લામાં રાખવા પડે છે. આ 110 શેલ્ટર હોમ બન્યા બાદ વાયુસેના તેના લડાકુ વિમાનોને તેમાં રાખી શકશે અને દુશ્મન દેશ તેનું કંઈ જ નહીં બગાડી શકે.
- શેલ્ટર હોમ કોંક્રિટની મોટી દિવાલ દ્વારા બનાવવામાં આવે છે. જે મોટા હુમલાઓથી વિમાનોને બચાવી શકે છે.

### ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ગ્રાહક દિવસ' તથા 'વર્લ્ડ સ્પીચ ડે' કયા દિવસે ઉજવાય છે ?
   (A) 13 માર્ચ (B) 14 માર્ચ (C) 15 માર્ચ (D) 16 માર્ચ — **(C)**

2. તાજેતરમાં ભારતમાં વર્ષ 2019માં કેટલામા 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન થયું હતું ?
   (A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા — **(C)**

3. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતના કુલ કેટલા શહેરોએ ભાગ લીધો હતો ?
   (A) 4203 (B) 4237 (C) 4303 (D) 4337 — **(B)**

4. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતના કયા રાજ્યએ ભાગ લીધો ન હતો ?
   (A) તમિલનાડુ (B) કેરળ (C) આસામ (D) પશ્ચિમ બંગાળ — **(D)**

5. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત કેટલા વર્ષથી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?
   (A) બે (B) ત્રણ (C) ચાર (D) ત્રણમાંથી કોઈ નહિ — **(B)**

6. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં એવોર્ડ આપવા માટે કુલ કેટલા માપદંડો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા ?
   (A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ — **(B)**

7. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોની યાદીમાં ટોપ ટેનમાં ગુજરાતના કયા શહેરોનો સમાવેશ થયો છે ?
   (A) અમદાવાદ (B) અમદાવાદ અને સુરત
   (C) અમદાવાદ અને રાજકોટ (D) અમદાવાદ અને ગાંધીનગર — **(C)**

8. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોની યાદીમાં ગુજરાતના કુલ કેટલા શહેરોનો સમાવેશ થયો છે ?
   (A) 7 (B) 8 (C) 9 (D) 10 — **(C)**

9. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોની યાદીમાં ગુજરાતના કેટલાક શહેરોના ક્રમના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?
(A) અમદાવાદ – 6 (B) રાજકોટ – 9 (C) સુરત – 14 (D) ગાંધીનગર – 20 **(D)**

10. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં એક લાખથી ઓછી વસતીવાળા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર છે ?
(A) વિસાવદર (B) કરહદ (C) મુલ (D) લોનાવાલા **(B)**

11. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતના સૌથી સ્વચ્છ પ્રથમ ત્રણ શહેરોનો સાચો ક્રમ કયો છે ?
(A) ઈન્દોર, મૈસૂર, અંબિકાપુર (B) ઈન્દોર, અંબિકાપુર, ઉજ્જૈન
(C) ઈન્દોર, મૈસૂર, ઉજ્જૈન (D) ઈન્દોર, અંબિકાપુર, મૈસૂર **(D)**

12. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019' અનુસાર ભારતના દસ લાખથી વધુ વસતી ધરાવતા મોટા શહેરોમાં સમગ્ર ભારતમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?
(A) ઈન્દોર (B) સુરત (C) અમદાવાદ (D) મૈસૂર **(C)**

13. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019' અનુસાર ભારતના દસ લાખથી વધુ વસતી ધરાવતા મોટા શહેરોમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં ભારતનું કયું શહેર સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?
(A) ભોપાલ (B) ઉજ્જૈન (C) સુરત (D) નવી મુંબઈ **(C)**

14. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019' અનુસાર 3થી 10 લાખ વસતી ધરાવતા ભારતના મીડિયમ શહેરોમાં ભારતનું કયું શહેર સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?
(A) કરહદ (B) ઓરઈ (C) ઉજ્જૈન (D) ઉપલેટા **(C)**

15. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019' અનુસાર 1થી 3 લાખ વસતી ધરાવતા ભારતના નાના શહેરોમાં ભારતનું કયું શહેર સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?
(A) કરહદ (B) ઓરઈ (C) બગસરા (D) ગૌચર **(B)**

16. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019' અનુસાર ભારતનું સૌથી સ્વચ્છ સ્ટેટ કેપિટલ કયું છે ?
(A) ગાંધીનગર (B) ભોપાલ (C) નવી મુંબઈ (D) જયપુર **(B)**

17. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'માં ભારતનું ફાસ્ટેસ્ટ મૂવર સ્ટેટ કયું છે ?
(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ગુજરાત (D) છત્તીસગઢ **(C)**

18. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2019'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ભારતના 'બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ'ની યાદીમાં છત્તીસગઢ પ્રથમ ક્રમે છે.
2. ભારતના 'બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ'ની યાદીમાં ગુજરાત ચોથા ક્રમે છે.
3. અમદાવાદ, રાજકોટ અને સુરતને તેમાં થ્રી સ્ટાર અને ODF++નું સ્ટેટસ મળ્યું છે.
(A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 2, 3 **(B)**

19. તાજેતરમાં ભારત સરકાર દ્વારા પાકિસ્તાન-ચીન સરહદે કેટલા શેલ્ટરહોમ બનાવવા માટે મંજૂરી આપવામાં આવી છે ?
(A) 100 (B) 110 (C) 115 (D) 120 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**16 MARCH, 2019 SATURDAY**

## ➤ ન્યુઝીલેન્ડની મસ્જિદમાં આતંકી હુમલામાં 49ના મોત

15 માર્ચ, 2019ના રોજ ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ નામના શહેરમાં થયેલા આતંકી હુમલામાં કેટલાક ભારતીય સહિત 49 લોકોના મોત થયા છે.

- ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ શહેરની અલ નૂર અને લિનવૂડ નામની બે મસ્જિદોમાં આ હુમલો થયો હતો.
- જેમાં બ્રેન્ટન હેરિસન ટેરન્ટ નામના ઓસ્ટ્રેલિયન નાગરિકે અંધાધૂંધ ગોળીબાર કરીને આશરે 49 જેટલા લોકોની હત્યા કરી હતી.
- ત્યારબાદ 16 માર્ચ, 2019ના રોજ બ્રેન્ટન હેરિસન ટેરન્ટને ન્યુઝીલેન્ડની કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો.

## ➤ ભારતમાં 17મી લોકસભા માટે ચૂંટણીની જાહેરાત

10 માર્ચ, 2019ના રોજ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સુનિલ અરોરાએ ભારતની 17મી લોકસભા માટે ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે.

- આ સાથે જ ભારતમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે.
- ભારતમાં 26 મે, 2019ના રોજ 16મી લોકસભાનો કાર્યકાળ પૂરો થાય એ પહેલા જ 23 મે 2019ના રોજ 17મી લોકસભાની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે.

### 17મી લોકસભાનો ચૂંટણી કાર્યક્રમ

ચૂંટણી પંચે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 17મી લોકસભા માટે સાત તબક્કામાં કુલ 543 લોકસભા બેઠકો માટે મતદાન થશે. અને 23 મે, 2019ના રોજ તેનું પરિણામ જાહેર થશે.

- ભારતમાં સાત તબક્કામાં યોજાનાર ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન 11 એપ્રિલ, 2019ના રોજ અને અંતિમ સાતમા તબક્કાનું મતદાન 19 મે, 2019ના રોજ થશે.
- જેમાં 23 એપ્રિલ, 2019ના રોજ યોજાનાર ત્રીજા તબક્કાના મતદાનમાં ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે એક સાથે જ મતદાન થશે.
- આ અગાઉ વર્ષ 2014માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં બે તબક્કામાં મતદાન થયું હતું.

### 17મી લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ

| ક્રમ | મતદાન | તારીખ | રાજ્ય | બેઠકો |
|---|---|---|---|---|
| 1 | પ્રથમ તબક્કાનું મતદાન | 11 એપ્રિલ, 2019 | 20 | 91 |
| 2 | બીજા તબક્કાનું મતદાન | 18 એપ્રિલ, 2019 | 13 | 97 |
| 3 | ત્રીજા તબક્કાનું મતદાન | 23 એપ્રિલ, 2019 | 14 | 115 |
| 4 | ચોથા તબક્કાનું મતદાન | 29 એપ્રિલ, 2019 | 09 | 71 |
| 5 | પાંચમા તબક્કાનું મતદાન | 06 મે, 2019 | 07 | 51 |
| 6 | છઠ્ઠા તબક્કાનું મતદાન | 12 મે, 2019 | 07 | 59 |
| 7 | સાતમા તબક્કાનું મતદાન | 19 મે, 2019 | 08 | 59 |
| | ચૂંટણી પરિણામ | 23 મે, 2019 | કુલ | 543 |

**નોંધ :** (1) આ ચૂંટણીમાં 90 કરોડ મતદારો માટે 10 લાખ જેટલા મતદાન મથકો ઉભા કરવામાં આવશે.
(2) આ તમામ મતદાન મથકો પર EVM અને VVPATનો ઉપયોગ થશે.
(3) દેશ બહાર રહેતા નોંધાયેલા ભારતીય મતદારોમાંથી 92 ટકા મતદારો એકલા કેરળ રાજ્યના છે.
(4) વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં નવા યુવા મતદારોની કુલ સંખ્યા 1.5 કરોડ છે, આ નવા મતદારોમાં સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં 20.1 લાખ મતદારો નોંધાયા છે.

## લોકસભાની સાથે ચાર રાજ્યોની ચૂંટણી

ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ અનુસાર **ચાર રાજ્યો અરૂણાચલ પ્રદેશ**, **આંધ્રપ્રદેશ**, **ઓડિશા** અને **સિક્કિમ** વિધાનસભાની ચૂંટણીઓ પણ લોકસભાની ચૂંટણીની સાથે જ યોજાશે.

- આ ચાર રાજ્યોમાંથી **અરૂણાચલ પ્રદેશ**, **આંધ્રપ્રદેશ** અને **સિક્કિમ**માં બધી જ વિધાનસભા બેઠકોનું મતદાન એક સાથે લોકસભાના પહેલા તબક્કાના દિવસે એટલે કે **11 એપ્રિલ, 2019**ના રોજ યોજાશે.
- જ્યારે **ઓડિશા**માં લોકસભાની સાથે વિધાનસભા માટે પણ **ચાર તબક્કા**માં મતદાન યોજાશે.

## નાગરિકોની સહાયતા માટે ચાર એપ તથા હેલ્પલાઈન નંબર

મતદારોની સહાયતા માટે ચૂંટણી પંચ દ્વારા ચાર મોબાઈલ એપ અને એક હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે:

### cVIGIL APP

આ એપના ઉપયોગ દ્વારા નાગરિકો આચારસંહિતાનો ભંગ થતો હોય, ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ થતી હોય, મતદાન દરમિયાન ગેરરીતિ થતી હોય કે અન્ય કોઈપણ પ્રકારની ગેરરીતિ થતી હોય તો મોબાઈલ દ્વારા તેનું વીડિયો રેકોર્ડિંગ કરીને ચૂંટણી પંચના અધિકારીઓને આ અંગે સીધી ફરિયાદ કરી શકશે.

- 100 મિનિટની અંદર જ અધિકારીએ આ ફરિયાદની ચકાસણી કરીને તે મુદ્દે યોગ્ય પગલાં લેવા પડશે.

### Voter Helpline Mobile App

આ એપ દ્વારા મતદારો તેમનું નામ મતદાર યાદીમાં નોંધાવવા અંગે અરજી કરી શકશે. અરજી કર્યા પછી કામમાં શું પ્રગતિ થઈ તે જોઈ શકશે.

- મતદાન અંગેનું તમામ માર્ગદર્શન પણ આ એપ દ્વારા મેળવી શકાશે.

### PwD App

આ એપ વિશેષ રીતે દિવ્યાંગો માટે વિકસાવવામાં આવી છે.

- મતદાર યાદીમાં નામ નોંધાવવા, નામમાં સુધારા કરાવવા, અન્ય કોઈ વિગતમાં સુધારા કરાવવા માટે મદદ કરશે.
- તે ઉપરાંત મતદાન સમયે વ્હિલચેરની જરૂર હોય તો આ એપ દ્વારા તેની પણ માગ કરી શકાશે જેથી જે–તે દિવસે મતદાન કેન્દ્ર ઉપર તે ઉપલબ્ધ કરાવી દેવાશે.
- તે ઉપરાંત દિવ્યાંગ મતદારને બ્રેઈલ બેલેટ પેપર અને બ્રેઈલ વોટર સ્લિપ પણ આ એપ દ્વારા ઉપલબ્ધ કરાવી શકાશે.

### Samadhan

આ એપ નાગરિકોને વિશેષ સુવિધા આપે છે.

- ચૂંટણી કામગીરી કે તેને લગતી અન્ય કામગીરી દરમિયાન ચૂંટણી અધિકારી દ્વારા કોઈ ગેરરીતિ કરવામાં આવે કે અન્ય કોઈ સમસ્યા સર્જાય ત્યારે આ એપ દ્વારા ફરિયાદ કરી શકાશે.

- ચોક્કસ સમયમાં ફરિયાદનું નિવારણ ન થાય તો આ ફરિયાદ ઓટોમેટિકલી ઉપરી અધિકારી પાસે જતી રહેશે.

## હેલ્પલાઈન નંબર 1950

તમામ મતદારો 1950 નંબર પર ફોન કરીને કે SMS દ્વારા મતદાર યાદીમાં તેમના નામ છે કે કેમ તેની ચકાસણી કરી શકશે.

## કેન્દ્રીય ચૂંટણી પંચ

- લોકસભાની ચૂંટણી કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય બંધારણનાં અનુચ્છેદ-324(1) અનુસાર સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- તેથી વર્ષ 2011 થી 25 જાન્યુઆરી **રાષ્ટ્રીય મતદાતા દિન** તરીકે ઉજવાય છે.
- બંધારણના અનુચ્છેદ-324(2) મુજબ ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનર હોય છે.

## ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર

- ભારતના **પ્રથમ** મુખ્ય **ચૂંટણી કમિશનરનું** નામ **શ્રી સુકુમાર સેન** છે.
- ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ **શ્રીમતી વી. એસ. રમાદેવી** (કાર્યકારી) છે.
- ભારતના વર્તમાન (16 માર્ચ, 2019ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે :

  (1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)

  (2) શ્રી અશોક લવાસા(ચૂંટણી કમિશનર)

  (3) શ્રી સુશિલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામું

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના **રાષ્ટ્રપતિ** કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું **રાષ્ટ્રપતિ**ને આપી શકે છે.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ **6 વર્ષ અને 65 વર્ષની ઉંમર** એ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

## ચૂંટણી કમિશનરના વેતન અને ભથ્થા

ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.

- તેમને સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ જેટલું જ એટલે કે પ્રતિ માસ **રૂ. 2,50,000** વેતન આપવામાં આવે છે.

## કેન્દ્રીય ચૂંટણી પંચના કાર્યો અને શક્તિઓ

1. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરવું.
2. ચૂંટણીની તારીખો અને કાર્યક્રમની જાહેરાત કરવી.
3. રાજકીય પક્ષોને માન્યતા તથા ચૂંટણી નિશાન (Election Symbol)ની ફાળવણી કરવી.

**4.** રાજકીય પક્ષોને ચૂંટણીમાં તેમના પ્રદર્શનને આધારે રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરના રાજકીય પક્ષ તરીકે દરજ્જો આપવો.

**5.** ચૂંટણીની આચાર સંહિતા તૈયાર કરવી.

**6.** સંસદના સભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતોમાં રાષ્ટ્રપતિને તથા રાજ્ય વિધાનમંડળના સભ્યોની ગેરલાયકાત અંગે રાજ્યપાલને સલાહ આપવી.

**7.** રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજ્યમાં 1 વર્ષ પછી ચૂંટણી કરવી કે નહિ તે નક્કી કરવું.

**નોંધ :** (1) કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણી પંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

## આદર્શ આચાર સંહિતા

આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct)એ ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો પર નિયમન અને નિયંત્રણ માટે તૈયાર કરવામાં આવેલ નિયમોની એક સૂચિ છે.

- સામાન્ય રીતે **ચૂંટણીની તારીખ જાહેર થતાં જ** આદર્શ આચાર સંહિતા લાગુ થઈ જાય છે.

## આચાર સંહિતા કયાં સુધી અમલમાં રહે છે ?

ચૂંટણીની તારીખ જાહેર થાય ત્યારે આદર્શ આચાર સંહિતા લાગુ થાય છે અને જ્યારે ચૂંટણીની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે એટલે કે **ચૂંટણીનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી** તે અમલમાં રહે છે.

## ઉદ્દેશ

આદર્શ આચાર સંહિતાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનો છે.

## ભારતમાં આદર્શ આચાર સંહિતાનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ **ઈ.સ. 1960**માં **કેરળ** વિધાનસભા ચૂંટણીમાં આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવી હતી.

- ત્યારબાદ ભારતમાં ઈ.સ. **1962**માં સૌપ્રથમ વખત **લોકસભા ચૂંટણી**માં તમામ રાજકીય પક્ષોને આદર્શ આચાર સંહિતાનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## આદર્શ આચાર સંહિતાના નિયમો

આદર્શ આચાર સંહિતામાં ભાષણો, મતદાન કેન્દ્ર, મતદાન દિવસ, ચૂંટણી ઘોષણાપત્રો, રેલીઓ, સભાઓ વગેરે અંગેના નિયમોનો સમાવેશ થાય છે. જેમાંના કેટલાક નિયમો આ પ્રમાણે છે :

(1) આચાર સંહિતા અમલમાં આવ્યા બાદ મંત્રીઓ સરકાર પાસે કોઈ નાણાકીય અનુદાનની માંગ કરી શકે નહિ.

(2) આ ઉપરાંત તેઓ ચૂંટણી પ્રચાર માટે સરકારી નાણાં કે વાહનોનો ઉપયોગ કરી શકે નહિ.

(3) સરકાર કોઈ નવી યોજનાઓની જાહેરાત કરી શકે નહિ.

(4) સરકાર કે જાહેર ક્ષેત્રમાં નવી નિમણૂક થઈ શકે નહિ.

(5) મતદાન કેન્દ્રના 100 મીટરના વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના 48 કલાક પહેલાથી કોઈ સભા કે પ્રચાર કરી શકાય નહિ.

(6) શૌર્ય પુરસ્કારોથી સમ્માનિત સશસ્ત્ર દળોના સૈનિકોના ફોટાનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરી શકાય નહિ.

(7) ચૂંટણી પંચે નક્કી કરેલી મર્યાદા અનુસાર જ ઉમેદવાર ચૂંટણી માટે નાણા ખર્ચી શકે છે. ચૂંટણી પૂરી થયા બાદ આ ખર્ચનો પૂરો હિસાબ ઉમેદવારે ચૂંટણી પંચને આપવાનો હોય છે. અને જો આ હિસાબ આપવામાં તે નિષ્ફળ જાય તો ચૂંટણીપંચ તેને ગેરલાયક ઠેરવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂંટણી પ્રક્રિયા

- સંસદના સાંસદો અને વિધાનમંડળના ધારાસભ્યોની ચૂંટણી પ્રક્રિયા સંસદ નક્કી કરે છે. સંસદ દ્વારા **1950**માં **લોકપ્રતિનિધિત્વ ધારો-1951** ઘડવામાં આવ્યો અને તેમાં ચૂંટણી પ્રક્રિયા નક્કી કરવામાં આવી. ચૂંટણી પંચ તેના આધારે ચૂંટણી પ્રક્રિયા નક્કી કરે છે.
- ચૂંટણીપંચ સંસદ અથવા રાજ્ય વિધાન મંડળની સરકારોની સહમતિથી ચૂંટણી કાર્યક્રમ નક્કી કરે છે.
- ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના આદેશ મુજબ ચૂંટણી કાર્યક્રમોની જાહેરાત **જાહેરનામા** દ્વારા કરે છે.
- ચૂંટણી લડવા માટે ઉમેદવારોને ફોર્મ ભરવા **8 દિવસ**નો સમય આપવામાં આવે છે.
- ફોર્મ ભરવાની તારીખ પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી જે તે ઉમેદવારના ફોર્મની ચકાસણી કરે છે. જેમાં કોઈ ભૂલ અથવા અપૂર્ણ માહિતી બદલ જે તે ઉમેદવારનું ફોર્મ રદ કરી શકે છે. ત્યારબાદ ઉમેદવારોને પોતાનું ફોર્મ પરત ખેંચવા માટે **2 દિવસ**નો સમય આપવામાં આવે છે. પછી ચૂંટણી અધિકારી યોગ્ય ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરે છે તથા અપક્ષ ઉમેદવારો અને રાજકીય પક્ષોને ચૂંટણી નિશાનની ફાળવણી કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂંટણી અંગેના મહત્ત્વના અનુચ્છેદ

**અનુચ્છેદ 243(ક)** (પંચાયતોની ચૂંટણીઓ)
પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન કરવાનું કાર્ય રાજ્યપાલે નીમેલા રાજ્ય ચૂંટણી કમિશનર કરે છે.

**અનુચ્છેદ 324** ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ માટે ચૂંટણી આયોગ.

**અનુચ્છેદ 325** કોઈ વ્યક્તિ ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગભેદના કારણસર મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા ગેરલાયક બનશે નહીં, અથવા તે કારણસર ખાસ મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા હક્ક દાવો કરશે નહીં.

**અનુચ્છેદ 326** લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત વય મતાધિકારના ધોરણે થશે. ભારતનો નાગરિક હોય તથા ઓછામાં ઓછી 18 વર્ષની ઉંમરની વ્યક્તિ મતદાન કરી શકે.

**નોંધ :** (1) 1974માં રચાયેલી તારકુન્ડે સમિતિએ મતદારની ઉંમર 21થી ઘટાડી 18 વર્ષ કરવાની ભલામણ કરી હતી.
(2) ભારતમાં 61મા બંધારણીય સુધારા 1989 અંતર્ગત મતદાન માટેની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવામાં આવી છે.

**અનુચ્છેદ 327** વિધાનમંડળોની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની સંસદની સત્તા.

**અનુચ્છેદ 328** રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની વિધાનમંડળની સત્તા.

**અનુચ્છેદ 329** ચૂંટણી બાબતોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**નોંધ :** ભારતીય બંધારણના ભાગ 15માં અનુચ્છેદ 324થી 329 સુધી ચૂંટણી અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

## EVM અને VVPAT

### ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (EVM)

- ભારતમાં EVMનો પ્રથમ વખત ઉપયોગ 1982માં કેરળની ઉત્તર પેરાવુર વિધાનસભા બેઠકના કેટલાક પોલિંગ બુથો પર થયો હતો.
- ત્યારબાદ ભારતમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનો પ્રાયોગિક ધોરણે પ્રથમ ઉપયોગ વર્ષ 1998માં દિલ્હી, રાજસ્થાન તથા મધ્યપ્રદેશની 16 વિધાનસભા બેઠકો માટે કરવામાં આવ્યો હતો.
- પરંતુ, ગોવા એવું પ્રથમ રાજ્ય હતું કે જ્યાં વર્ષ 1999ની વિધાનસભાની ચૂંટણીમાં બધી જ વિધાનસભા ક્ષેત્રોમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન દ્વારા મતદાન કરવામાં આવેલ હતું.
- EVM 6 વોલ્ટની એલ્કેલાઈન બેટરી પર કામ કરે છે, આથી જયાં વીજળી ન હોય તેવા ક્ષેત્રોમાં પણ આનો પ્રયોગ આસાનીથી કરી શકાય છે.
- એક EVM મશીન વધુમાં વધુ 16 ઉમેદવાર માટે એક સાથે મતદાન રેકોર્ડ રાખી શકે છે તથા એક સાથે વધુમાં વધુ 64 ઉમેદવારો માટે કુલ 4 EVMનો પ્રયોગ કરી શકાય છે.
- જો કોઈ પણ ચૂંટણીક્ષેત્રમાં 64થી વધુ ઉમેદવારો હોય તો ત્યાં EVMની જગ્યાએ મતપત્રોની મદદથી મતદાન કરાવવું પડે છે.

**નોંધ :** (1) 1989માં રચાયેલી શ્રી દિનેશ ગોસ્વામી સમિતિએ ચૂંટણીમાં EVMનો પ્રયોગ કરવાની ભલામણ કરી હતી.
(2) ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં વર્ષ 2004થી EVMનો ઉપયોગ કરવાનો ચૂંટણી પંચે નિર્ણય કર્યો હતો.

### VVPAT

- વીવીપેટ (VVPAT)નું પૂરું નામ 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ' છે.
- ભારતમાં સૌપ્રથમ સપ્ટેમ્બર, 2013માં નાગાલેન્ડના નોકસેન વિધાનસભા મતક્ષેત્રમાં વીવીપેટનો ઉપયોગ થયો હતો.
- ત્યારબાદ વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના ગાંધીનગર સહિત દેશના કુલ 8 લોકસભા ક્ષેત્રોમાં વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌપ્રથમ ગોવામાં 2017માં સમગ્ર રાજ્યમાં મતદાન દરમિયાન VVPAT મશીનનો ઉપયોગ થયો હતો.
- ભારતમાં BEL (ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ) અને ECIL (ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ) દ્વારા VVPATનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતમાં પ્રથમ લોકસભા ચૂંટણી

આઝાદી બાદ ભારતમાં પ્રથમ વખત ઈ.સ. 1951-52માં લોકસભા ચૂંટણીનું આયોજન થયું હતું.

- આ ચૂંટણી પ્રક્રિયા 25 ઓક્ટોબર, 1951થી 21 ફેબ્રુઆરી, 1952 સુધી યોજાઈ હતી.
- આ ચૂંટણીમાં 489 બેઠકો માટે મતદાન થયું હતું.
- આ સમયે મતદાન માટેની વય મર્યાદા 21 વર્ષ હતી.
- પ્રથમ ચૂંટણીમાં મત આપવા માટે ઉમેદવાર દીઠ અલગ અલગ મત પેટી રાખવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ આશરે 16 લાખ જેટલી મતપેટીઓ ગોદરેજ કંપની દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં મતદારોને મતદાન અંગેનું જ્ઞાન આપવા થિયેટરોમાં ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં મતદારોની સંખ્યા આશરે 17.6 કરોડ જેટલી હતી.
- પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનું ચિહ્ન બળદની જોડ હતું.

## ભારતમાં લોકસભા બેઠકોની સંખ્યા

વર્તમાન જોગવાઈ અનુસાર ભારતની લોકસભામાં વધુમાં વધુ 552 સભ્યો રાખી શકાય છે.

- જોકે, ભારતની લોકસભામાં વર્તમાન સભ્ય સંખ્યા 543 + 2 = 545 છે.
- જેમાંથી 543 સભ્યોની ચૂંટણી થાય છે. અને 2 એંગ્લો-ઈન્ડિયન સભ્યોની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- ભારતના વિવિધ રાજ્યોની લોકસભા બેઠકોની સંખ્યા આ પ્રમાણે છે :

### સૌથી વધુ લોકસભા બેઠકો ધરાવતા ભારતના 10 રાજ્યો

| ક્રમ | રાજ્ય | બેઠકો |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 80 |
| 2 | મહારાષ્ટ્ર | 48 |
| 3 | પશ્ચિમ બંગાળ | 42 |
| 4 | બિહાર | 40 |
| 5 | તમિલનાડુ | 39 |
| 6 | મધ્યપ્રદેશ | 29 |
| 7 | કર્ણાટક | 28 |
| 8 | ગુજરાત | 26 |
| 9 | આંધ્રપ્રદેશ | 25 |
| | રાજસ્થાન | 25 |
| 10 | ઓડિશા | 21 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ભારતમાં નાગાલેન્ડ, મિઝોરમ અને સિક્કિમમાં સૌથી ઓછી 1-1 લોકસભા બેઠકો આવેલી છે.

(2) ત્યારબાદ ગોવા, મણિપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને ત્રિપુરામાં 2-2 લોકસભા બેઠકો આવેલી છે.

(3) ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સૌથી વધુ દિલ્હીમાં 7 લોકસભા બેઠકો આવેલી છે. જ્યારે દિલ્હી સિવાયના બાકીના તમામ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 1-1 લોકસભા બેઠકો આવેલી છે.

## ICE ? Questions

1. 15 માર્ચ, 2019ના રોજ ન્યુઝીલેન્ડની કયા શહેરની મસ્જિદમાં થયેલા આતંકી હુમલામાં 49 લોકોનાં મોત થયા હતા ?
(A) વેલિંગ્ટન (B) હેમિલ્ટન (C) ક્રાઈસ્ટ ચર્ચ (D) નેલ્સન **(C)**

2. 15 માર્ચ, 2019ના રોજ ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ શહેરની કઈ બે મસ્જિદમાં થયેલા આતંકી હુમલામાં આશરે 49 લોકોનાં મોત થયા હતા ?
(A) અલ નૂર અને લિનવૂડ (B) અલ નૂર અને ગ્રીનવૂડ
(C) અલનૂર અને બ્લેકવૂડ (D) અલ નૂર અને ગ્રેટવૂડ **(A)**

3. 15 માર્ચ, 2019ના રોજ કયા ઓસ્ટ્રેલિયન નાગરિકે ન્યુઝીલેન્ડની બે મસ્જિદમાં આતંકી હુમલો કર્યો હતો ?
(A) બ્રેન્ટન હેરિસન ટેરન્ટ (B) બ્રેન્ટન ચાર્લ્સ ટેરન્ટ
(C) બ્રેન્ટન જ્યોર્જ ટેરન્ટ (D) બ્રેન્ટન વિલ્સન ટેરન્ટ **(A)**

4. તાજેતરમાં ભારતમાં કેટલામી લોકસભા માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 15મી (B) 16મી (C) 17મી (D) 18મી — (C)

5. તાજેતરમાં ભારતમાં સત્તરમી લોકસભા માટે કેટલા તબક્કામાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે ?
(A) પાંચ (B) છ (C) સાત (D) આઠ — (C)

6. દેશ બહાર નિવાસ કરતા નોંધાયેલા ભારતીય મતદારોમાં સૌથી વધુ મતદારો કયા રાજ્યના છે ?
(A) પશ્ચિમ બંગાળ (B) પંજાબ (C) ગુજરાત (D) કેરળ — (D)

7. વર્ષ 2019ની ચૂંટણીમાં ભારતમાં નવા નોંધાયેલા આશરે 1.5 કરોડ યુવા મતદારોમાં સૌથી વધુ મતદારો કયા રાજ્યના છે ?
(A) કેરળ (B) ઉત્તરપ્રદેશ (C) પશ્ચિમ બંગાળ (D) બિહાર — (C)

8. તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા ભારતમાં લોકસભા ચૂંટણીની સાથે ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે.... આ ચાર રાજ્યોમાં નીચેનામાંથી કયા રાજ્યનો સમાવેશ થતો નથી ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) ઓડિશા (C) આંધ્રપ્રદેશ (D) નાગાલેન્ડ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ કુડો રમતને પ્રોત્સાહન માટે KIFIને National Sport Fedration તરીકે માન્યતા

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા kudo International Federation India (KIFI)ને 'National Sport Fedradion' તરીકે માન્યતા આપવામાં આવી છે. ભારતમાં કુડો રમતના વિકાસ તથા તેને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવાયો છે. કુડો રમતનો સમાવેશ 'અન્ય' રમતમાં થાય છે.

### ➤ ભારતમાં યુનિવર્સિટીમાં પ્રોફેસરની ભરતી માટે 200 પોઈન્ટ રોસ્ટરને મંજૂરી

તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતની શિક્ષણ સંસ્થાઓમાં પ્રોફેસરની ભરતી માટે 200 પોઈન્ટ રોસ્ટર સિસ્ટમને મંજૂરી આપી દીધી છે. ભારતમાં આ અગાઉ પ્રોફેસરોની ભરતી માટે 13 પોઈન્ટ રોસ્ટર સિસ્ટમ અમલમાં હતી. જેમાં એસ.સી., એસ.ટી., અને ઓ.બી.સી. કેટેગરીના ઉમેદવારોને બંધારણ પ્રમાણે 49.5 ટકા અનામતની જગ્યાએ માત્ર 30 ટકા અનામતનો જ લાભ મળતો હતો. આથી આ ઉમેદવારોને અન્યાય ન થાય તે માટે આ નવી 200 પોઈન્ટ રોસ્ટર સિસ્ટમને મંજૂરી આપવામાં આવી છે.

## ➤ પ્રસિદ્ધ ક્રિકેટર શ્રીસંતનો આજીવન પ્રતિબંધ સુપ્રીમે દૂર કર્યો

વર્ષ 2013ની IPLમાં સ્પોટ ફિક્સિંગમાં કથિત સંડોવણી બદલ BCCI દ્વારા પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રીસંત પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ સુપ્રીમ કોર્ટે હટાવી લીધો છે.

## ➤ LICના નવા ચેરમેન તરીકે શ્રી એમ. આર. કુમારની નિમણૂક

તાજેતરમાં LICના નવા ચેરમેન તરીકે શ્રી એમ. આર. કુમારની નિમણૂક કરવામાં આવી છે. ભારતમાં LICની સ્થાપના 1 સપ્ટેમ્બર, 1956ના રોજ થઈ હતી. તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે. LICનું પૂરું નામ 'Life Insurance of Corporation' છે. તેનું આદર્શ વાક્ય 'યોગક્ષેમં વહામ્યહમ' છે.

## ➤ MPATGMનું DRDO દ્વારા સફળ પરીક્ષણ

તાજેતરમાં ભારતમાં રાજસ્થાનના પોખરણ ખાતે DRDO દ્વારા 'માનવ પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ' (MPATGM)નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ભારતની સ્વદેશી બનાવટની અને ત્રીજી પેઢીની આ 'માનવ પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ'ની મારક ક્ષમતા 2.5 કિલોમીટર છે. તેને ખભા પર રાખીને પણ વાપરી શકાય છે. તે ભારતમાં ફ્રાન્સની 'મિલાન' અને રશિયાની 'કોંકુર' એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સ્થાન લેશે.

## ➤ IIT ખડગપુરના વિદ્યાર્થીઓએ નકલી નોટોની ઓળખ માટે એપ્લિકેશન વિકસાવી

ભારતમાં IIT ખડગપુરના છ વિદ્યાર્થીઓએ નકલી ચલણી નોટોની ઓળખ માટે એક એપ્લિકેશન વિકસાવી છે. આ એપ્લિકેશનનો ઉપયોગ સ્માર્ટ ફોનમાં પણ થઈ શકે છે. સ્માર્ટ ફોનમાં આ એપ્લિકેશનને ઈન્સ્ટોલ કરીને તેની મદદથી નકલી નોટને ઓળખી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતે ચીનમાં ત્રીજો IT કોરિડોર લોન્ચ કર્યો

તાજેતરમાં ભારતે ચીનમાં પોતાનો ત્રીજો IT કોરીડોર લોન્ચ કર્યો છે. આ IT કોરિડોરના નિર્માણ માટે ભારતના NASSCOM દ્વારા ચીનના શુજો નગર સાથે પાર્ટનરશિપ કરવામાં આવી છે. આ કોરિડોરથી ભારતની સોફ્ટવેર કંપનીઓને ચીનના બજારમાં પ્રવેશવામાં સહાયતા મળશે.

## ➤ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પુરાતત્ત્વ સંસ્થાનું લોકાર્પણ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પુરાતત્ત્વ સંસ્થા (Pandit Deendayal Upadhyaya Archeology Institute)નું લોકાર્પણ કર્યું છે. રૂ. 289 કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ સંસ્થાના કેમ્પસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું હતું.

# વિશ્વ

## ➤ વિશ્વના સૌથી વૃદ્ધ જીવિત વ્યક્તિનો રેકોર્ડ

તાજેતરમાં ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા કાને તનાકા નામની જાપાની મહિલાનું વિશ્વની સૌથી ઉંમરલાયક જીવિત વ્યક્તિના ખિતાબથી સન્માન કરવામાં આવ્યું છે. શ્રીમતી કાને તનાકાની ઉંમર 116 વર્ષ છે. આ અગાઉ વિશ્વની સૌથી વૃદ્ધ જીવિત વ્યક્તિનો રેકોર્ડ જાપાનની ચિયો મિયાકો નામની મહિલાના નામે હતો. જોકે વર્ષ 2018માં 117 વર્ષની ઉંમરે તેમનું નિધન થયું હતું.

## ➤ ફ્રાન્સમાં મસૂદ અઝહર પર પ્રતિબંધ

તાજેતરમાં 15 માર્ચ, 2019ના રોજ ફ્રાન્સ સરકારે આતંકી મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકીને તેની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય કર્યો છે. ફ્રાન્સના ગૃહ અને વિદેશ મંત્રાલયે સંયુક્ત રીતે મસૂદ અઝહરની સંપત્તિ જપ્ત કરવાની જાહેરાત કરી છે.

## ➤ દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર શ્રી જે. પી. ડુમિનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત

દક્ષિણ આફ્રિકાના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી જે. પી. ડુમિનીએ વન-ડેમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. આ અગાઉ વર્ષ 2017માં તેમણે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. હવે તેઓ વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપ બાદ વન–ડેમાંથી પણ નિવૃત્તિ લઈ લેશે. ત્યારબાદ તેઓ ફક્ત ટી-20માં જ રમશે. શ્રી જે. પી. ડુમિની વિશ્વના એકમાત્ર એવા ક્રિકેટર છે કે જેઓ આજ સુધી (16 માર્ચ, 2019 સુધી) આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક પણ વખત રન આઉટ થયા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- તાજેતરમાં ભારત સરકારે કઈ રમતને પ્રોત્સાહન આપવા માટે KIFIને 'નેશનલ સ્પોર્ટ ફેડરેશન' તરીકે માન્યતા આપી છે ? – કુડો
- ભારતમાં યુનિવર્સિટીમાં પ્રોફેસરની ભરતી માટે કેન્દ્ર સરકારે તાજેતરમાં કઈ રોસ્ટર સિસ્ટમને મંજૂરી આપી છે ? – 200 પોઈન્ટ રોસ્ટર સિસ્ટમ
- તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કયા ભારતીય ક્રિકેટર પરનો આજીવન પ્રતિબંધ દૂર કર્યો છે ? – શ્રીસંત
- LICના નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એમ. આર. કુમાર
- તાજેતરમાં DRDO દ્વારા 'માનવ પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (MPATGM)નું ક્યાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – પોખરણ, રાજસ્થાન
- તાજેતરમાં ભારતની કઈ શિક્ષણ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નકલી ચલણી નોટોની ઓળખ માટે એક એપ્લિકેશન વિકસાવવામાં આવી છે ? – IIT ખડગપુર
- ભારતે તાજેતરમાં ચીનમાં કેટલામો IT કોરિડોર લોન્ચ કર્યો છે ? – ત્રીજો
- તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પુરાતત્ત્વ સંસ્થાનું કઈ જગ્યાએ લોકાર્પણ કર્યું છે ? – ગ્રેટર નોઈડા, ઉત્તરપ્રદેશ
- ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા તાજેતરમાં વિશ્વના સૌથી વૃદ્ધ જીવિત વ્યક્તિનો ખિતાબ કોને આપવામાં આવ્યો છે ? – કાને તનાકા
- તાજેતરમાં 15 માર્ચ, 2019ના રોજ કયા દેશે મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકીને તેની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય કર્યો છે ? – ફ્રાન્સ
- તાજેતરમાં શ્રી જે. પી. ડુમિનીએ આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે....તેઓ કયા દેશના ખેલાડી છે ? – સાઉથ આફ્રિકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.



ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.